# કમરે બની હાશિમ (હાશેમી ચાંદ)

## જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)નું જીવન ચરિત્ર


**-: લેખક :-**

ડો. અબ્બાસ ટી. રંગવાલા MBBS. DTST



**- : પ્રકાશક : -**

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬



… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજનં. |
|---|---|---|
| ૧. | અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની તમન્ના | ૬ |
| | -ઉમ્મુલબનીન (સ.અ.)નું સપનું | ૧૩ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ની પૈદાઈશ | ૧૯ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ની માઅરેફત | ૪૦ |
| ૨. | જનાબે અબ્બાસ (અ.સ.) અમીરૂલ મોઅમેનીન (અ.સ.) સાથે | ૫૨ |
| | -સિફ્ફીનની લડાઈમાં | ૫૬ |
| | -કમરે બની હાશિમ | ૭૦ |
| | -અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શહાદત | ૮૩ |
| ૩. | ઈમામ હસન (અ.સ.) સાથે | ૮૮ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ની શાદી અને ઔલાદ | ૯૧ |

| | | |
|---|---|---|
| | -ઈમામ હસન (અ.સ.)ની શહાદત | ૯૮ |
| ૪. | ઈમામ હુસૈન (અ.સ.) સાથે | ૧૦૪ |
| | -હઝરત અબ્બાસ (અ.સ.)નો ખુત્બો | ૧૧૯ |
| | -મક્કાથી કરબલાની સફર | ૧૨૪ |
| | -સક્કાએ એહલેબૈત (અ.મુ.સ.) | ૧૪૩ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ને અમાનનામુ | ૧૫૯ |
| | -આશૂરાનો દિવસ | ૧૬૨ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ને બીજું અમાનનામુ | ૧૬૮ |
| | -અબ્બાસ અલમદાર (અ.સ.) | ૧૭૦ |
| | -ઝોહરની નમાઝ | ૧૮૪ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)નું પાણી લેવા જવું | ૧૯૦ |
| | -જનાબે ઝયનબનો વિલાપ | ૧૯૨ |
| | -મારીદથી મુકાબલો | ૨૦૦ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)નું ફુરાત | ૨૧૧ |

| | | |
|---|---|---|
| | પર પધારવું | |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ની શહાદત | ૨૨૧ |
| ૫. | જનાબે અબ્બાસ (અ.સ.)નો મરતબો | ૨૪૦ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.) ઈમામના ગુલામ | ૨૪૬ |
| | -ઈમામ હુસૈન (અ.સ.) પ્રત્યે વફાદારી | ૨૫૦ |
| | -અબ્દે સાલેહ (નેકબંદા) | ૨૫૩ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ની બહાદુરી | ૨૬૩ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)નું સર મુબારક | ૨૬૬ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ના મોઅજિઝા | ૨૬૯ |
| | -જનાબે અબ્બાસ (અ.સ.)ની અઝમત | ૨૭૧ |

# બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ

# પ્રકરણ - ૧

# અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની તમન્ના

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.)ને જિબ્રઈલ મારફત કરબલાના દર્દનાક બનાવની ખબર આપી હતી. આપ (સ.અ.વ.)એ પોતાના વસી, વઝીર, બાબુલ ઈલ્મ, અમીરૂલ

મોઅમેનીન (અ.સ.)ને આની ખબર આપી હતી. જનાબે ફાતેમતુઝઝહરા (સ.અ.)ની વફાત પછી આપની વસિયત મુજબ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને અમામા બિન્તે અબીલ આસથી નિકાહ કર્યા. તેનાથી આપને કોઈ ઔલાદ નહોતી. તે પછી ખુલા બિન્તે જાફર બિન કૈસ હનફીયાહથી નિકાહ કર્યા જેનાથી મોહંમદ બિન હનફીયા પૈદા થયા.

અમીરૂલ મોઅમેનીન મૌલા અલી (અ.સ.) કરબલાના બનાવ માટે ઘણાં ગમગીન હતા. આપ જાણતા હતા કે આ નાજુક વખતમાં હું નહીં હોઉ જેથી ફરઝંદ હુસૈન (અ.સ.)ને મદદ કરી શકું. આપના ગમગીન દિલમાં એક તમન્ના જાગી કે કાશ મારો એવો ફરઝંદ હોય જે હુસૈન (અ.સ.)ને કામ લાગે. આપે પોતાના મોટાભાઈ અકીલને બોલાવ્યા જેઓ અરબના

ખાનદાનોના વંશવેલાના જાણકાર હતા. અને ફરમાવ્યું કે ‘અય ભાઈ, મારા માટે એવી કોઈ ખાનદાની દિકરી શોધો જેનાથી બહાદુર ફરઝંદ પૈદા થાય જે મારા ફરઝંદ હુસૈન (અ.સ.)ને કરબલામાં મદદગાર સાબિત થાય.'

અકીલે અર્ઝ કરી કે ‘મૌલા, ફાતેમા વહીદીયાહ કીલાબીયાહ આપના માટે લાયક છે. તમામ

અરબમાં તેના બાપદાદા બહાદુરીમાં બેમિસાલ (અજોડ) છે.’

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને અકીલને વાત પાકી કરવાનુ સોંપ્યુ અને આમ હિ.સ. ૨૩માં અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના નિકાહ ફાતેમા બિન્તે હિઝામ કીલાબીયાહથી થયા.

આપની કુન્નીયત આપના વાલિદ હિઝામ બિન ખાલિદ અને વાલિદા લૈયલા બિન્તે શહીદે

‘ઉમ્મુલ બનીન' (દિકરાઓની મા) નક્કી કરી રાખી હતી તેથી આપ ઉમ્મુલબનીન નામથી જ જાણીતા થયા. આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને ઉમ્મુલબનીન હઝરત ઈબ્રાહીમ નબી (અ.સ.)થી 30 મી પેઢીએ છે. પિતા અને માતા બંને તરફથી આપના ખાનદાનમાં બહાદુર વીરનરો પાકયા હતા. મા તરફથી તેમના ખાનદાનમાં જે બહાદુરો હતા તેમાં આમીર ઈબ્ને

શાઅસાનું નામ મશહૂર છે અને તે અરબોના દરમિયાન એક ખાસ માન અને મરતબો ધરાવતા હતા બીજા અબુલ બરાઅ છે જે મલાએબુલ અસ્નાન (ભાલાથી રમનાર)ના નામથી મશહૂર છે અને કહેવામાં આવે છે તે અરબોના દરમિયાન બહાદુરીમાં અજોડ હતા. (તન્કીહુલ મકાલ)

## ઉમ્મુલબનીન (સ.અ.)નું સપનું

જનાબે ફાતેમા ઉમ્મુલ બનીન એક દિવસ વહેલી સવારે પોતાના મા લૈયલા પાસે આવ્યા અને કહ્યું કે ‘આજે રાત્રે મેં સપનામાં એક ખૂબસૂરત જવાનને જોયો છે.' લૈયલાએ જવાબમાં કહ્યું કે આ તારા માટે સારૂ સપનુ છે, ઉમ્મુલ બનીને હજી આગળ કહ્યું કે મેં તો એ પણ જોયું કે આસમાનથી ચાંદ અને ત્રણ તારાઓ મારી ગોદમાં ઉતર્યા છે

જેને મેં છાતીએ લગાવ્યા છે અને જેનાથી મને ખુશી થઈ રહી છે એટલામાં સપનામાંથી જાગી ઉઠી, તો ગોદમાં કોઈ પણ ચીજ ન હતી તેથી હું ગમગીન થઈ ગઈ.

લૈયલાએ ફરમાવ્યું કે ‘મારી સાથે ચાલ કે કોઈ જાણકારથી એની તાબીર (રહસ્ય) પૂછીએ.' તેમણે પોતાના કબીલાના એક બુઝુર્ગને આ સપનાની તાબીર પૂછી. તેમણે જવાબ આપ્યો ‘તમારા માટે અને

તમારી દિકરી માટે આ ખુશખબર છે, આ છોકરીની એક અતિ ઉચ્ચ અને શરીફ વ્યક્તિ સાથે શાદી થશે, તેનાથી તમારી દિકરીને ચાર દિકરાઓ પૈદા થશે. સૌથી મોટો દિકરો તમારા કબીલામાં એવો પ્રતિષ્ઠિત અને ગૌરવશીલ અને બધાથી અલગ દેખાતો હશે જેવો તારાઓની વચ્ચે ચમકનાર ચંદ્ર હોય છે. જયારે લૈયલાએ સપનાની તાબીર સાંભળી તો પોતાની દિકરી

ઉમ્મુલબનીન સામે જોયું. દિકરી શરમાઈને માથું ઝુકાવીને ઘર તરફ ભાગવા લાગી. તેઓ હજી તો ઘરે પહોંચ્યા જ હતા કે દરવાજે ટકોરા પડયા. જોયું તો જનાબે અકીલ હતા જેઓ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની સગાઈ માટે તશરીફ લાવ્યા હતા.

નિકાહ થયા પછી ફાતેમા ઉમ્મુલબનીન (સલા.) અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના ઘરે પધાર્યા.

આપે ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ને અર્ઝ કરતા કહ્યું કે ‘અય મારા આકાઓ અને આકાના ફરઝંદો, મને આપની કનીઝ (બંદી) તરીકે કબૂલ કરી લો. હું આપની ખિદમત માટે આવી છુ. આપ મારી ખિદમતને કબૂલ કરી લેજો !'

બંને શહેઝાદાઓ (ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.) અને શહેઝાદીઓ (જનાબે

ઝયનબ સલા. અને ઉમ્મે કુલસુમ સલા.)એ ઉમ્મુલ બનીન (સલા.)ને માન સાથે આવકાર આપ્યો.

પછી ઉમ્મુલબનીને આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને અર્ઝ કરી કે ‘અય આકા, મને આપ ફાતેમા કહીને ના બોલાવશો જે મારૂ નામ છે, એટલા માટે કે આ બાબત શહેઝાદા અને શહેઝાદી માટે દુ:ખનું કારણ બનશે. તેમને વારંવાર પોતાના વાલિદાની યાદ આવશે

કેમકે આ તેમના વાલિદાએ ગિરામીનું નામ છે. આપ મને ઉમ્મુલબનીન કહીને જ બોલાવજો.

## જનાબે અબ્બાસ (અ.સ.)ની પૈદાઈશ

જે રીતે ખુદાના નબી ઝકરીયા (અ.સ.)ના ઘરે તેમની દુઆઓના કારણે યહ્યા (અ.સ.)ની વિલાદત થઈ હતી જેનો ઝિક્ર સૂરએ મરિયમની શરૂઆતની આયતોમાં છે તે જ રીતે અમીરૂલ મોઅમેનીન

(અ.સ.)ની દુઆના કારણે આપની દિલી તમન્ના પૂરી થઈ અને ૪ શાબાનની હિ.સ. ૨૬ મા (ઈ.સ. ૬૪૫) મદીનામાં જનાબે અબ્બાસની વિલાદત થઈ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને ખબર થઈ તો આપ (અ.સ.)એ શુક્રનો સજદો બજાવ્યો. અજબ ઈત્તેફાક છે કે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની વિલાદતની તારીખ 3 જી શાબાન હિજરી સન ૪ છે. હઝરત ઈમામ

હુસૈન (અ.સ.)ને પોતાના 'મૌલા' (માલિક) આકા કહેનાર આ સાહેબે વફા વિલાદતમાં પણ પોતાના મૌલાની વિલાદત પછી તરત જ આવે છે.

જ. અબ્બાસ (અ.સ.)ની વિલાદતની તારીખમાં મતભેદ છે. કેટલાકના મતે ૭ રજબ કે ૧૮ રજબ છે. જયારે ઈરાની ઈતિહાસકારોના મતે આપનો જન્મ ૪ શાબાનથી થયેલો છે. (નીદાએ

તરક્કીના હિ.સ. ૧૩૫૦ શાબાન પા. ૨૨૭) આ બધી તારીખોમાંથી ૪ શાબાન સૌથી વધુ આધારભુત જણાય છે. કારણ કે ઈરાન સહિત દુનિયાના ઘણાં ભાગોમાં આ તારીખે મનાવવામાં આવે છે. કરબલાની મોટા ભાગની હસ્તીઓ જેમકે જ. કાસિમ, જ. અલીઅકબર, જ. અલીઅસગર, જ. સકીના તેમજ ખુદ ઈમામ હુસૈન (અ.સ.) અને જ. ઝયનબો ઉમ્મે કુલસુમની

વિલાદતની તારીખો જોઈએ તો એ આશ્ચર્યકારક રીતે રજબના છેલ્લા અઠવાડીયાથી લઈ શાબાનની ૧૦ મી તારીખ સુધીમાં જ આવે છે. ઝિકરૂલ અબ્બાસમાં મૌલાના સૈયદ નજમુલહસને તહેકીકથી સાબિત કર્યું છે કે જ. અબ્બાસ (અ.સ.)ની વિલાદત ૪ શાબાન જ છે જે લખનૌ વિગેરેના આલિમોએ માન્ય રાખ્યુ છે. (સીરતે અઈમ્મા પા. ૬૨૨-૬૨૩)

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ બાળકના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત કહીને કુરઆનની આયતો પઢીને આપે આ શહેઝાદાને ‘અબ્બાસ' નામ આપ્યુ. અબ્બાસનો અર્થ ‘વનરાજ કેસરી' (જંગલનો સિંહ) થાય છે. આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ વિલાદત પછી રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના દીદાર (જોઈને) કરીને જ આંખો ખોલી

હતી અને દુનિયા જોઈ હતી. તે જ રીતે હઝરત અબ્બાસ (અ.સ.)એ ઈમામ હુસૈન (અ.સ.)ના ખોળામાં આપના દીદાર કરીને જ આંખો ખોલી હતી.

## હાશમી ખાનદાનમાં ત્રણ જાંબાઝ અબ્બાસ થઈ ગયા છે.

(૧) રસૂલુલ્લાહ (સ.અ.વ.) અને અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના કાકા જનાબે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલીબ જેમની કુનીયત પણ

‘અબુલફઝલ' હતી. આ જનાબે અબ્બાસ ઈસ્લામથી મુશર્રફ થયા હતા અને ફત્હે મક્કાના દિવસે હિ.સ. ૮ માં આપની જ ભલામણથી રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ અબુ સુફયાનની જાન બક્ષીને તેને મક્કામાં પહોંચીને લોકોને પોતપોતાના ઘરોમાં બેસી રહેવાનુ ફરમાન પહોંચાડવાની જવાબદારી સોંપી હતી. આ જનાબે અબ્બાસ રસૂલેખુદા (સ.અ.વ.)ની વફાત

પછી મદીનામાં જ વફાત પામ્યા અને જનાબે ફાતેમા (સ.અ.)ની કબ્રના પાસેજ જન્નતુલબકીમાં આપની કબ્ર મૌજૂદ છે.

(૨) જનાબે અબ્બાસ અલમદાર આપની કુનીયત અબુલફઝલ છે કેમકે આપના મોટા દિકરાનુ નામ ફઝલ હતું.

(૩) અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના એક દિકરા અબ્બાસે અસગર (નાના અબ્બાસ) હતા જેની

વાલિદાએ ગિરામી સઅલબીયાહ બિન્તે ઉબ્બાદ બિન રબીઆ છે. આ અબ્બાસે અસગર ૯ મી મોહર્રમે કરબલામાં પાણી લેવા ગયા અને દુશ્મનોના હાથે શહીદ થયા. એમ પણ લખાયું છે કે બની અસદના ખાનદાનવાળાઓ જે કરબલા મોઅલ્લાના પાદરમા રહેતા હતા તેમને ઈમામે આલીમકામની મદદ કરવા આવવાનો પૈગામ પહોંચાડવા હઝરત હબીબ ઈબ્ને મઝાહિરની

અર્ઝથી ઈમામ હુસૈન (અ.સ.)એ જનાબે ઝયનબ (સ.અ.)ના ફરઝંદ ઔનને મોકલાવેલા હતા તેમના સાથે આ અબ્બાસે અસગર પણ ગયા હતા. બંનેને દુશ્મનોએ શહીદ કર્યા હતા. આ ઔન બિન અબ્દુલ્લાહની કબ્ર કરબલાથી થોડે દૂર આવેલી છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને આ બાળ અબ્બાસને ‘અબુલ કર્યાહ' તરીકે પણ

ઓળખાવ્યા. ઘણી વખત આપ (અ.સ.) અબ્બાસના ખભાને ખોલીને ખભાને ચુમતા હતા. આવુ કરતી વખતે શેરે ખુદાની આંખોમાંથી ટપટપ આંસુ ટપકી જતા. ઉમ્મુલ બનીને જોઈને અર્ઝ કરેલી કે આપ આમ કેમ કરો છો ? અને ગમગીન કેમ થાવ છો ?

મૌલાના અલી (અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું કે ‘એક દિવસ એવો આવનાર છે જયારે આ

લાડલા પોતાના ભાઈ હુસૈન (અ.સ.)ની મદદ માટે નિકળશે અને પોતાના બંને હાથ ખોઈ દેશે, છાતી પર તીર ખાઈને શહીદ થશે.

ઉમ્મુલ બનીન વીરમાતા હતા. વીરપુત્રની વાત જાણીને અર્ઝ કરી કે 'મૌલા, એમાં અફસોસ શાનો હોય ? આવા હજાર દિકરા ખુદા મને આપે તો ફાતેમા (સલા.)ના લાલ પર કુરબાન કરી દઉં.'

આકા અલી (અ.સ.)એ ફરમાવ્યું કે, ‘સુબ્હાનલ્લાહ તમે પણ અજબ દિલદાર છો. દિલાવરોની માતા છો ઉમ્મુલ બનીન છો.

એકવાર ઉમ્મુલબનીન પોતાના લાડલા અબ્બાસને લઈને રસૂલેખુદા (સ.અ.વ.)ની કબ્રે અનવર પાસે આવ્યા અને કબ્ર પાસે સુવડાવીને દુઆ કરી કે, ‘અય હબીબે ખુદા આ આપના દિલ બંદ હુસૈનના હબીબ (દોસ્ત) આપની

કદમબોસી માટે આવેલા છે. આપ કબૂલ ફરમાવો આમ કહીને ઉમ્મુલ બનીને કબ્ર મુબારકની ખાક લઈને અબ્બાસના ચહેરા પર લગાવી દીધી.

એકાએક અબ્બાસના ચહેરો પૂનમના ચાંદની જેવા ચમકવા લાગ્યો. અને કબ્રથી અવાઝ આવ્યો કે, અય હુસૈનના આશિકે સાદિક (સાચા ચાહક) તમારો મકામ દુનિયામાં, દીનમાં અને આખેરતમાં

ઘણો બુલંદ છે. તમો હુસૈનના ફિદાઈ છો તો અમે પણ તમારા ફિદાઈ છીએ.

તે પછી ઉમ્મુલ બનીન અબ્બાસ (અ.સ.)ને લઈને જહાનની ઔરતોની સરદાર જનાબે ફાતેમા (સલા.)ની કબ્ર પાસે આવ્યા અને માથા પાસે માથું નમાવીને અર્ઝ કરી કે, ‘ઓ મારા સરતાજના દુલ્હન, અય રસૂલેખુદા (સ.અ.વ.)ના નૂરેનયન આ બાંદી આપના

શહેઝાદા હુસૈન (અ.સ.)ના અદના ખાકેપાને (પગની ધૂળ) લઈને શફાઅત માટે આવી છું આપ તેના પર રહેમત ફરમાવો.'

કબ્રથી નિદા આવી કે ‘ઓ મારા દિકરા અબ્બાસ તમારા પર ઝહરા (સ.અ.)ની જાન કુરબાન છે. નબીએ અકરમ (સ.અ.વ.)ની રૂહને ગવાહ રાખીને હું કહું છું કે ખુદાએ મને હસન અને હુસૈન જેવા બે ગુલબદન આપેલા છે. ઈસ્લામ અને

ઈમાનના બંને રખવાલા છે. ત્રીજા મોહસીન હતા પણ તેના બદલામાં આ અબ્બાસની વિલાદત છે.'

ઉમ્મુલ બનીન ખુશ થઈને આવી ખુશખબરો લઈને ઘરે આવ્યા. એ વખતે ઈમામ હુસૈન (અ.સ.) ઘરમાં જ તશરીફ ફરમાં હતા. હઝરત અબ્બાસ (અ.સ.) આપને જોઈને બેચેન થઈ ગયા. ઈમામ આલી મકામે પોતાના ભાઈને ખોળામાં લીધા અને

ફરમાવ્યું કે ‘આવો મારા નાનાની ઉમ્મતના પાલનહાર આવો. આવો મારી વાલિદાએ ગિરામીના શીઆના રખવાલા આવો. આ હુસૈન તમારો દિલી ચાહક છે. ખુશ થાવ અને અમને ખુશ કરો.'

આટલું ફરમાવીને ઈમામ (અ.સ.)એ અબ્બાસ (અ.સ.)ના બંને ખભા ચુમી લીધા. છાતી સરસા ચાંપી લીધા. હોઠ પર હોઠ મૂકીને

બરકત બક્ષવા લાગ્યા. અબ્બાસ ખિલખિલાટ હસી પડયા.

અબ્બાસ (અ.સ.)ને ઈમામ હુસૈન (અ.સ.) સાથે ઘણો લગાવ હતો. ઘણી વાર ઈમામ આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને અર્ઝ કરતા કે ‘મૌલા, આ ફરઝંદથી મને ઘણી મોહબ્બત છે તેને જોઈને મોહબ્બતનો જોશ આવે છે પણ સાથે સાથે દિલ ભરાઈ આવે છે તેનું શું કારણ છે ?

અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવતા કે બેટા હુસૈન (અ.સ.), આ ફરઝંદને તમે કેટલા ચાહો છો એજ કરબલાના મેદાનમાં તમારી મદદ કરશે અને પાણી લેવા માટે ફુરાત પર જશે અને બંને હાથ કપાવીને શહીદ થશે.

ઉમ્મુલ બનીન ઈમામ હુસૈન (અ.સ.)ને અર્ઝ કરે છે કે મારા દિકરાના દિલમાં આપની મોહબ્બત અખૂટ છે. જયારે આપ પધારો છો

ત્યારે જેમ નમાઝી પોતાના મોંને કિબ્લા તરફ કરી દે છે તેમ આપની તરફ કરી દે છે.

## જનાબે અબ્બાસ (અ.સ.)ની માઅરેફત

એક વખત બચપણમાં જનાબે અબ્બાસ (અ.સ.) આપના વાલિદે મોહતરમ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના ખોળામાં બેઠા હતા. આપ તેમને સાદી ગણતરી

શીખવાડી રહ્યા હતા. આપે કહ્યું કે ‘એક કહો બેટા એક'. જનાબે અબ્બાસ (અ.સ.)એ એક કહ્યું.

આપે ફરમાવ્યું કે ‘કહો બેટા બે’ જનાબે અબ્બાસ (અ.સ.) કંઈ ના બોલ્યા. ફરી મૌલાએ ફરમાવ્યું ‘કહો બેટા બે' તો પણ જનાબે અબ્બાસ (અ.સ.) કંઈ ના બોલ્યા. આથી ફરી વાર મૌલાએ પૂછયું કે ‘બેટા બે કહો' કેમ નથી કહેતા ?

જવાબમાં જનાબે અબ્બાસ (અ.સ.)એ અર્ઝ કરી કે ‘મૌલા જે જીભથી એકવાર એક કહ્યું એજ જીભે હવે બે કેમ કહું ?' અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ આપની પેશાની ચુમી લીધી. આપની માઅરેફતનો આ દાખલો છે. જે જીભે અને દિલે અલ્લાહને એક માન્યો એજ જીભ અને દિલથી હવે બે તો કેમ કહેવાય ? (મજાલીસુલ મુત્તકીન)

ઈમામ હુસૈન (અ.સ.) ઉમ્મુલ બનીનને સાવકી નહીં પણ સાચી મા તરીકે મોહબ્બત કરતા હતા. જયારે પણ ઈમામ (અ.સ.) ઉમ્મુલ બનીનને સલામ કરવા આવતા તો આપ ઉઠી જતા અને હુસૈન (અ.સ.)ના બંને હાથ પકડીને પોતેજ તેને ચુમી લેતા. આવો જ અમલ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના વાલિદાએ ગિરામી ફાતેમા બિન્તે અસદનું હતું. તેઓના

સામે જયારે પણ હઝરત મોહંમદ (સ.અ.વ.) પધારતા તો અસદની શહેઝાદી આમેનાના લાલની તાઅઝીમ માટે ઉભા થતા હતા અને હઝરત મોહંમદ (સ.અ.વ.)ની પેશાની ચુમી લેતા.

એક વાર ઉમ્મુલ બનીને હઝરત અબ્બાસ (અ.સ.)નુ ઈમ્તેહાન લેવા માટે કહેલું કે ‘દિકરા તમે હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની આટલી બધી તાઅઝીમો

તકરીમ (માન સન્માન) શા માટે કરો છો ? એના વાલિદ અને તમારા વાલિદ એક જ છે. જે એ છે તે તમે છો.' હઝરત અબ્બાસ (અ.સ.)એ જવાબ દીધો કે ‘વાલિદાએ ગિરામી, આપે આ શું ફરમાવ્યું ? હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની વાલેદા માજેદા ફાતેમા ખૈરૂન્નીસા છે. ખૈરૂલ બશરની એ શહેઝાદી છે. કયાં એનો દરજ્જો અને કયાં તમે? હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)

ફરમાવી ગયા છે કે હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) બંને હકના ઈમામો છે. ચાહે કયામ કરે યા ચાહે કયામ ન કરે. હું તો એ બંને ઈમામોના કદમની ખાક છું.

ઉમ્મુલબનીન હઝરત અબ્બાસ (અ.સ.)ના આ જવાબથી ઘણાં ખુશ થયા અને કહ્યું કે દિકરા એવી જ રીતે અદના થઈ રહેજો ગુલામ, શુક્રના કહેજો કલામ સજદા દઈ

કરજો સલામ અને એ શાનવાલા થજો. નમ્યા તે રબને ગમ્યા.

બાળપણમાં જનાબે અબ્બાસ પોતાના આકા મૌલા ઈમામ હુસૈન (અ.સ.)ની ખિદમત કરવાનો મૌકો ચૂકતા ન હોતા. એકવાર અમીરૂલ મોઅમેનીન (અ.સ.), ઈમામ હુસૈન (અ.સ.) અને અસ્હાબો સાથે મસ્જિદમાં તશરીફ રાખતા હતા. ઈમામ હુસૈન (અ.સ.)એ ગુલામ કંબર પાસે પાણી મંગાવ્યુ. હઝરત

અબ્બાસ (અ.સ.) તરત દોડીને ગયા અને પાણી લઈને આવ્યા પરંતુ આપના હાથમાંથી પાણીનો જામ પડી ગયો, આપ રોવા લાગ્યા અને અમીરૂલ મોઅમેનીન (અ.સ.) આ જોઈને ઝાર ઝાર રોવા લાગ્યા અસ્હાબોએ અર્ઝ કરી કે, મૌલા એક જામ પાણી ઢોળવાથી આપ કેમ આમ ગમગીન થાવ છો ? હઝરત અબ્બાસ (અ.સ.)ને તો હંમેશા પાણી

પીવડાવા તૈયાર રહે છે, હમણા જઈને બીજુ પાણી લાવી આપશે.

આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ફરમાવ્યું, “અય મારા અસ્હાબો આજે મને એ વાત યાદ આવી ગઈ કે મારા આ લાડલા અબ્બાસ મેદાનમાં પાણીને તરસ્તા મારા એહલેબૈત (અ.મુ.સ.) માટે પાણી લેવા જશે, નદીના કાંઠે પહોંચીને મશ્ક ભરીને તરસ્યા જ પાછા વળશે તો દુશ્મનો તેના બંને

હાથોને કાપી નાખશે અબ્બાસ (અ.સ.) મશ્કને દાંતોમાં પકડીને જશે તો દુશ્મનો તીરથી છેદીને પાણી વહાવી દેશે અને આ સક્કાએ હરમ ‘અલય્કા મિન્ની સલામ યા અબા અબ્દિલ્લાહ'નો સાદ દઈને ધરતી પર ઢળી જશે.”

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની આ પેશીનગોઈ સાંભળીને મસ્જિદમાં ‘યા હુસૈન યા હુસૈન'ના નારા બુલંદ થયા.

કરબલાના બનાવ પર જેમ અંબિયા (અ.મુ.સ.) ગમઝદા થયા હતા તેમ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના શીઆઓ-મુખ્લીસો ગમઝદા થયા. (ઝિક્રૂલ અબ્બાસ/ચહેલ મજાલીસ)

# પ્રકરણ - ૨

# જનાબે અબ્બાસ (અ.સ.), અમીરૂલ મોઅમેનીન (અ.સ.) સાથે

જનાબે અબ્બાસ (અ.સ.)ની જિંદગીને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે. આપના જન્મથી અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શહાદત હિજરી સન ૪૦ સુધી આપ મૌલાના અલી (અ.સ.)ની સરપરસ્તીમાં

રહ્યા. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શહાદતથી ઈમામ હસન (અ.સ.)ની શહાદત હિજરી સન ૫૦ સુધી ઈમામ હસન (અ.સ.) સાથે રહ્યા. ઈમામ હસન (અ.સ.)ની શહાદતથી કરબલાના દર્દનાક બનાવ સુધી હિજરી સન ૬૧ (૧૦ મી મોહર્રમ) સુધી ઈમામ હુસૈન (અ.સ.) સાથે રહ્યા.

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ અબ્બાસ (અ.સ.)ને ઈલ્મે

જાહેરી અને બાતેની બક્ષીને મુમ્તાઝ કરેલા હતા. અખ્લાક અને આદાબમાં, શુજાઅત અને વફામાં, ઈલ્મ અને અમલમાં, પરહેઝગારી અને પારસાઈમાં, ઈતાઅત અને ઈબાદતમાં હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) પછી અબ્બાસ (અ.સ.)નો દરજ્જો આલાતરીન (ઊંચો) હતો.

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની સરપરસ્તીમાં અબ્બાસ

(અ.સ.) ઉછરતા રહ્યા, પોતાના બંને ભાઈઓ ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ને હંમેશા ‘આકા મૌલા' કહીને જ બોલાવતા, ભાઈ કદી કહેતા નહીં. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની જાહેરી ખિલાફતમાં હિજરી સન ૩૬ ના અંતિમ ભાગમાં શામના અમીર મોઆવીયા સાથે સિફ્ફીનની લડાઈ થઈ. સિફ્ફીન જતા રસ્તામાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.)

કરબલાના મેદાનથી નીકળ્યા અને આપ (અ.સ.) કરબલાના બનાવને યાદ કરી ઝાર ઝાર રડયા.

## સિફ્ફીનની લડાઈમાં

અગાઉની જમલની લડાઈ માફક આપના શહેઝાદા મોહંમદ બિન હનફીયાએ ઘણી બહાદુરીથી ભાગ લીધો, લડાઈના મેદાનથી આવે તો અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે કે ‘બેટા જાવ

પાછા લડવા જાવ' એટલે સુધી કે એક વાર આમ ફરમાવતા મોહંમદને ભારી લાગ્યું આપે અર્ઝ કરી કે, ‘આકા, આપ મને વારંવાર લડવા મેદાનમાં મોકલો છો અને હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ને તો કંઈ ફરમાવતા જ નથી ?' અમીરૂલ મોઅમેનીન (અ.સ.) જવાબમાં ફરમાવ્યું કે, ‘અય બેટા મોહંમદ, તમે તો મારા ફરઝંદ છો જયારે હસનૈન (હસન અ.સ.

અને હુસૈન અ.સ.) તો રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના શહેઝાદાઓ છે તેમને હું જંગમાં કેમ મોકલુ !'

સિફ્ફીનની લડાઈમાં ઈમામ હુસૈન (અ.સ.)ને આ વાતની ખબર પડી તો આપ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પાસે આવીને જંગમાં જવાની રજા માંગી. (તોહફએ યુસુફીયા) ઘણી વિનંતી પછી અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ રજા આપી. જનાબે અબ્બાસ પણ

પોતાના મૌલા ઈમામ હુસૈન (અ.સ.) સાથે લડાઈના મેદાનમાં પધાર્યા. (રિયાઝુલ કુદ્સ)

જનાબે અબ્બાસ (અ.સ.)ની ઉમ્ર ૧૧ વર્ષની હતી પરંતુ દેખાવે આપ બહાદુર જવાન જેવા હતા. હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પોતાના આ જીગર ગોશા જનાબે અબ્બાસ (અ.સ.)ને પોતાનો લિબાસ પહેરાવીને લડવા મોકલેલા હતા. હઝરત અમીરૂલ મોઅમેનીન

(અ.સ.)ના અસ્હાબો જોઈ રહ્યા છે કે મેદાને કારઝારમાં વીજળીના ચમકારાની જેમ એક બખ્તરપોશ જવાન દેખાયો અને શામી લશ્કરમાં તેના ભાલાની ચમકમાં ભલભલા લશ્કરીઓ વીંધાઈ ગયા. જોત જોતામાં ૯૦ જેટલા શામીઓ જહન્નમ પહોંચી ગયા.

શામી લશ્કરમાં હાહાકાર મચી ગયો. સઘળા તઅજ્જુબ કરવા લાગ્યા કે આ જુવાન કોણ છે!

મોઆવીયાએ તેના એક શામી લડવૈયાને આ જુવાન સાથે લડવા બોલાવ્યો. ઈબ્ને શા'સા નામનો આ શામી પહેલવાન પોતાને દસ હજાર પહેલવાન બરાબર ગણતો હતો. તેણે પોતાના સાત દિકરાઓને એક પછી એક લડવા મોકલ્યા સૌ જહન્નમ પહોંચી થયા. ગુસ્સાથી બેકાબૂ બનેલો આ શામી પહેલવાન મેદાનમાં આવ્યો અને અલ્વી જુવાનના હાથે જહન્નમમાં પહોંચી

ગયો. શામી લશ્કરમાં હોહા થઈ ગઈ કે હોય ન હોય આ તો અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ફાતહે ખૈબર જ હશે. અલવી જુવાને ચહેરા પરથી નકાબ હટાવ્યો અને દુનિયાએ જોયું કે આ તો જનાબે અબ્બાસ ઈબ્ને અલી (અ.સ.) છે.

હજી સિફ્ફીનના મેદાનનો એક બનાવ 'ફઝાઈલુશ્શોહદા'માં નોંધેલો છે. લડાઈ ધમસાણ ચાલી રહી છે. બંને બાજુએ લાશોના ઢગલા થઈ

રહ્યા છે. જનાબે અબ્બાસ (અ.સ.)ને પાણીની સખ્ત તરસ લાગી. આપ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પાસે પધાર્યા અને ફરમાવ્યું કે ‘આકા, તરસ મને મારી રહી છે પાણી પીવડાવો.' અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ઠંડુ પાણી મંગાવીને આપને પીવડાવ્યુ. અબ્બાસ (અ.સ.)એ પાણી પીને ખુદાનો શુક્ર કર્યો કે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ઝાર ઝાર રોવા લાગ્યા.

જનાબે અબ્બાસ (અ.સ.) પૂછે છે કે ‘મૌલા, આપ કેમ રોવો છો ?'

આપ (અ.સ.)એ ફરમાવ્યું કે, ‘બેટા, તમારી આજની તરસ જોય મને એક બીજી તરસની યાદ આવી ગઈ. લહેરાતુ પાણી હશે તો પણ તમને એક ટીપુ પાણી નહીં મળે.'

જનાબે અબ્બાસ (અ.સ.) : મૌલા, એ કયા ઝમાનામાં કઈ સાલમાં બનશે ?'

અમીરૂલ મોઅમેનીન (અ.સ.): બેટા, તે બનાવ હિજરી સન ૬૧ માં બનશે.

જનાબે અબ્બાસ (અ.સ.) : તે વખત આપ હશો કે નહીં ?

અમીરૂલ મોઅમેનીન (અ.સ.): બેટા, તે વખત હું નહીં હોઉ.

જનાબે અબ્બાસ (અ.સ.) : મૌલા, મારા મૌલા હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) તો હશેને ?

અમીરૂલ મોઅમેનીન (અ.સ.): બેટા, હસન (અ.સ.) નહીં હોય પણ તારા આકા હુસૈન (અ.સ.) હશે તે પણ તારી માફક તરસ્યા જ હશે.

જનાબે અબ્બાસ (અ.સ.) : મૌલા, અમારો શું ગુનોહ હશે કે પાણી નહીં મળે અને પાણીની મૌજૂદગી હોવા છતા અમે તરસ્યા રહીશુ ?

અમીરૂલ મોઅમેનીન (અ.સ.): બેટા, તમારો કોઈ ગુનોહ નહીં હોય

તમે હુસૈન (અ.સ.)નો સાથ આપશો એટલે જ તરસ્યા રહેશો.

જનાબે અબ્બાસ (અ.સ.) : આકા, રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના ફરઝંદ પર કોણ પાણી બંધ કરશે ?

અમીરૂલ મોઅમેનીન (અ.સ.): બેટા, આજ લોકો હશે જે આજે તમારી સામે છે. તમારા પર એ લોકો પાણી બંધ કરશે. તમામ અસ્હાબો, સગાવ્હાલાઓ બલ્કે નાના બચ્ચાને પણ એ લોકો શહીદ કરશે.

જનાબે અબ્બાસ (અ.સ.) : મૌલા, તે વખતે મારી ફર્ઝ શું હશે ?

અમીરૂલ મોઅમેનીન (અ.સ.): બેટા, તે વખતે તમારી જાનને ફરઝંદે રસૂલ (સ.અ.વ.) યાને ઈમામ હુસૈન (અ.સ.) પર અને આપના એહલેબૈત (અ.મુ.સ.) પર ફીદા કરી દેજો.

૧૩ મી સફર હિજરી ૩૭ માં કુરઆનને ભાલા પર ચઢાવીને મોઆવીયાએ લડાઈ બંધ કરાવી.

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના આ શેરદિલ શહેઝાદા જનાબે અબ્બાસ (અ.સ.)એ આ નસીહતને દિલમાં સાચવીને પોતાના મૌલા અને માલિક ઈમામ હુસૈન (અ.સ.)ની બરાબર ઈતાઅત કરતા રહ્યા અને હિજરી સન ૬૧ ની ૧૦ મી મોહર્રમે આશુરાના દિવસે પોતાના વાલિદની વસિયતને વફા કરી લહેરાતા પાણી પર પધાર્યા પણ પાણી ન પીધુ અને પોતાના બંને હાથો કપાવીને

એવું કામ કરી ગયા કે ઈતિહાસના પાનાઓ પર સોનેરી અક્ષરે આપનુ નામ લખાઈ ગયું.

**જબ ઝબાં પર કભી આ જાતા હૈ નામે**
**અબ્બાસ (અ.સ.)**
**દેર તક હોઠોસે ખુશ્બૂએ વફા આતી હૈ.**

## કમરે બની હાશિમ

મૌલાએ કાએનાત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના શહેઝાદા ઉમ્મુલ બનીનના લાડલા જનાબે

અબ્બાસ (અ.સ.)નો જમાલ એવો મશહૂર હતો કે આપને લોકો 'કમરે બની હાશિમ' (હાશમી ખાનદાનના ચાંદ)ના નામે ઓળખવા લાગ્યા.

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ના પરદાદા જનાબે હાશિમના વાલિદ જનાબે અબ્દેમનાફ 'કમરે બત્હા' (મક્કાના ચાંદ) તરીકે મશહૂર હતા.

હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના વાલિદ જનાબે

અબ્દુલ્લાહ ‘કમરે હરમ' (હરમના ચાંદ) તરીકે ઓળખાતા હતા.

સરવરે કાએનાત રસૂલુલ્લાહ (સ.અ.વ.) વિશે હદીસે કિસાઅમાં જનાબે ફાતેમા (સ.અ.)એ આમ ફરમાવેલું કે,

‘કઅન્નહુ લકમરો ફી લયલતે તમામેહી વ કમાલેહી' (પૂનમના ચાંદની જેમ ચમકતા)

મૌલાએ કાએનાત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) વિશે તો

કુરઆનમાં ખુલ્લું એલાન છે કે ‘વલ કમરે ઈઝા તલાહા' સૂરએ શમ્સની બીજી આયત (કસમ છે ચાંદની જયારે કે તે (સૂરજ)ની પાછળ નીકળી આવે છે.)

કરબલામાં શહાદત પછી ઈમામ હુસૈન (અ.સ.)ના સર મુબારકને દુશ્મનોએ ભાલાની પર ઊંચા કર્યા તે જોઈને કોઈએ કહ્યું કે,

“ભાલાની અણી પર સરમુબારક એવી રીતે ચમકી રહ્યું છે જાણે કે ચાંદ”

ઈમામ હસન (અ.સ.)ના શહેઝાદા જનાબે કાસિમ આશૂરાના દિવસે જંગમાં પધાર્યા તો જોનારાઓએ આપની ખૂબસૂરતી માટે બેઈખ્તેયાર કહ્યું કે, “જાણે કે ચાંદનો ટુકડો”

ટૂંકમાં બની હાશિમના આ પાકીઝા ખાનદાનમાં અનેક ચાંદ

જેવા ખૂબસૂરત ફરઝંદો છે. પરંતુ દરેકના લકબ અમુક રીતે મહેદૂદ (મર્યાદિત) છે દા.ત. જનાબે અબ્દે મનાફ બત્હાના ચાંદ તો જનાબે અબ્દુલ્લાહ હરમના યાને બત્હામાં જનાબે અબ્દેમનાફ અજોડ હતા તો જનાબે અબ્દુલ્લાહ હરમમાં.

જનાબે અબ્બાસ (અ.સ.)તો બની હાશિમના ખાનદાનમાં બેમિસાલ હતા. આખા કબીલામાં આપ એવા નૂરાની, રૂડા-રૂપાળા હતા

કે આપના જેવું કોઈ ન હતું. એટલે કે ઉપર ગણાવેલા ચાંદનો સરવાળો કરીએ તો કમરે બની હાશિમ થાય.

સૂરજ અને ચાંદની ખાસિયત અલગ છે. કુરઆનમાં તેમની ખાસિયત મુજબ તફાવતની સાચી હકીકત બયાન થયેલી છે. જેમકે ચાંદ માટે પ્રકાશ (નૂર) અને સૂરજ માટે દીવાની મિસાલ આપી છે. ચાંદ એ નિષ્ક્રીય તત્વ છે જે પ્રકાશનું પરાવર્તન કરે છે. તેનો

પોતાનો પ્રકાશ નથી. જયારે સૂરજ એવો આકાશી પદાર્થ છે જે હંમેશા સળગતો રહીને પોતાનો જ પ્રકાશ આપે છે.

આજ ચાંદની ખાસિયત કમરે બની હાશિમ જનાબે અબ્બાસ (અ.સ.)માં દેખાય છે. આપ હંમેશા ઈમામ હુસૈન (અ.સ.)ને પોતાના મૌલા (માલિક) માનતા હતા અને આપના તરફ રજૂ થઈને આપના એક એક હુકમનું પાલન કરતા.

જેમકે કમરે ઈમામત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)એ આફતાબે રિસાલતની ખિદમતને પોતાની જિંદગીનો મકસદ બનાવ્યો હતો.

જેમ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) માટે હતા, તેજ રીતે જનાબે અબ્બાસ (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.) માટે હતા. હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ હિજરત

પછી મદીનામાં મુહાજીર અને અન્સાર વચ્ચે ભાઈચારો કાયમ કર્યો. તેમાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને પોતાના ભાઈ બનાવ્યા તે છતાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પોતાને હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના ગુલામોના ગુલામ તરીકે ઓળખાવતા હતા. જનાબે અબ્બાસ (અ.સ.)તો ઈમામના જિસ્માની ભાઈ હતા, છતાં હંમેશા ઈમામને પોતાના ‘મૌલા' કહેતા અને

માનતા હતા. બંને ઈમામો (હસન અ.સ. અને હુસૈન અ.સ.)ને પોતાના મૌલા કહેતા. આશૂરાના દિવસે ઈમામ હુસૈન (અ.સ.) અબ્બાસની શહાદત વખતે પોતાની દિલી આરઝુ બતાવેલી કે, ‘ભાઈ અબ્બાસ, હવે આજે તમે મને એક વખત ભાઈ કહીને બોલાવી લો.'

જનાબે અબ્બાસ (અ.સ.)નો ચહેરો-મોહરો અલી (અ.સ.)ના ચહેરા-મોહરા જેવો હતો. ગોળ

ચહેરો, કાળી આંખો, રૂઆબદાર દાઢી, બળવાન બાહુ, છાતી પહોળી, પેટ પાતળુ, પગ ભરાવદાર અને લાંબા એટલા કે કદાવર ઘોડા પર બેસે તો પગ જમીનને અડકે, હથેળીઓ મુલાયમ એવી કે તલવાર તેમાં ચકરાવો લે. અશિદ્દાઓ અલલ કુફ્ફારે વ રોહમાઓ બયનહુમ (અધર્મીઓ પર સખ્ત અને ધર્મીઓ પર દયાળુ) ઈબાદત ગુઝાર એવા કે નૂરાની પેશાની પર સજદાનું

નિશાન આવી શાનના આપ માલિક હતા. શેરદિલ પણ દિલના દિલાવર હતા. કોઈની મજાલ નહીં કે અબ્બાસ (અ.સ.)ના સામે કોઈની નિંદા કરી શકે અથવા તોહમત મૂકી શકે. આજે પણ આપના રોઝા મુબારકમાં કોઈ ખોટા સોગંદ લઈ શકતુ નથી.

આપ કદમાં લાંબા હતા. હાશિમી ખાનદાનમાં જનાબે રસૂલુલ્લાહ (સ.અ.વ.) અને

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના કાકા જનાબે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલીબ અને ઉમ્મુલ બનીન તરફથી ઈબ્ને રબીઆ અને ઈબ્ને તુફૈલ જેવા કદના લાંબા હતા.

## અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શહાદત

ઈબ્ને મુલજીમની ઝેરી તલવારથી ઘાયલ મૌલા અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ૨૧ મી માહે

રમઝાન હિજરી સન ૪૦ ની રાતે પોતાની જિંદગીના આખરી શ્વાસ લઈ રહ્યા હતા તે વખતે આપ (અ.સ.) પોતાના ઘરના લોકોને અને અસ્હાબોને છેલ્લી વસિયતો કરી રહ્યા હતા. એક એકને બોલાવી ઈમામ હસન (અ.સ.)ને સોંપીને વસિયત કરી રહ્યા હતા. જનાબે અબ્બાસ (અ.સ.) પણ પાસે જ ઉભા હતા અમીરૂલ મોઅમેનીન (અ.સ.) આપને કંઈ ફરમાવતા નથી. જનાબે

અબ્બાસ (અ.સ.)એ પોતાના વાલેદા ઉમ્મુલ બનીન પાસે ફરિયાદ કરી. ઉમ્મુલ બનીને ગમગીન થઈને આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને અર્ઝ કરી કે, ‘મૌલા, અબ્બાસ (અ.સ.)ની કોઈ ભૂલ છે કે આપ તેને હસન (અ.સ.)ને કેમ સોંપતા નથી ?’

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની આંખોમાં આંસુ આવી ગયા, આપે જનાબે અબ્બાસ

(અ.સ.)ને પાસે બોલાવીને તેમનો હાથ ઈમામ હુસૈન (અ.સ.)ના હાથમાં આપીને ફરમાવ્યું કે, ‘બેટા હુસૈન (અ.સ.) તમે આને સાચવજો. કરબલામાં આશૂરાના દિવસે મારા તરફથી તમારા સાથે આ કુરબાની આપશે.’ પછી આપ (અ.સ.)એ જનાબે અબ્બાસ (અ.સ.)ને વસિયત કરતા ફરમાવ્યું, ‘બેટા અબ્બાસ, હુસૈન (અ.સ.)ના સાથે રહેજો એ તમારા મૌલા છે, હંમેશા એના સાથે

રહેજો, એનો સાથ કોઈ દિવસ ન છોડજો.’

આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શહાદત થઈ તે વખત જનાબે અબ્બાસ (અ.સ.)ની ઉમ્ર ૧૪ વર્ષની હતી. આટલી ઉમ્રમાં તો અરબના દિકરાઓ સંપૂર્ણ જવાન થઈ જાય છે. તાલીમો તરબીયત લઈને મેદાને અમલમાં આવી જાય છે.

# પ્રકરણ - 3

# ઈમામ હસન (અ.સ.) સાથે

જનાબે અબ્બાસ (અ.સ.)ની જિંદગીનો બીજો તબક્કો હવે ઈમામ હસન (અ.સ.)ની દસ વર્ષની ઈમામતની કારકીર્દીમાં (હિજરી સન ૪૦ થી હિજરી સન ૫૦ સુધી) શરૂ થાય છે. આપ (અ.સ.) ઈમામના મદદગાર રહ્યા. બની હાશિમના કબીલાના લોકોને ઈમામ હસન (અ.સ.)ને જે કંઈ અર્ઝ કરવી હોય

તો તે જનાબે અબ્બાસ (અ.સ.)ના મારફત જ કરતા હતા. ઈમામ હસન (અ.સ.) મોઆવીયાને દુનિયા સોંપીને મદીના પધારી ગયા અને ખામોશીથી હકના પયરવોની આખેરત સુધારવા લાગી ગયા ત્યારે ભલભલાઓને ઈમામે આલી મકામની આ સુલેહ પસંદ ન પડી, ખુદ જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારીને આ સુલેહ માટે અણગમો થયો હતો, આપે જનાબે અબ્બાસ

(અ.સ.)ને સુલેહ બાબતે પોતાનો મત બતાવ્યો તો જનાબે અબ્બાસ (અ.સ.)એ કહેલુ કે, ‘જાબીર આપ વડીલ છો બહેતર એજ છે કે આપને જે યોગ્ય લાગે છે તે ઈમામ હસન (અ.સ.)ની ખિદમતમાં અર્ઝ કરી દો, એમાં મને વચમાં ન રાખો.' જાબીર આથી ઈમામ હસન (અ.સ.)ને ખાનગીમાં મળ્યા, તે વખતે જે વાત થઈ અને હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) આવીને જાબીરના

દિલને શિફા બક્ષીએ મોઅજિઝો મશહૂર છે અને ખુલાસતુલ અખબારમાં તેનો ઝિક્ર છે.

## જનાબે અબ્બાસ (અ.સ.)ની શાદી અને ઔલાદ

જનાબે અબ્બાસ (અ.સ.)ની શાદી જનાબે ઉબેદુલ્લાહ બિન અબ્બાસના દિકરી ‘લુબાબાહ' સાથે થઈ હતી જે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના કાકા જનાબે અબ્બાસ

બિન અબ્દુલમુત્તલીબના પોત્રી હતા. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શહાદતના બાદ વીસથી બાવીસ વર્ષની વયમાં જનાબે અબ્બાસ (અ.સ.) ની શાદી થઈ હતી. આપના ફરઝંદો વિશે ઘણો મતભેદ છે.

મોટા દિકરા ફઝલ જેના નામથી જ આપની કુન્નીયત 'અબુલફઝલ' થઈ છે. બીજા ફરઝંદ કાસિમ અને એકજ દિકરી-હદાએકુલ

ઈન્સ, ત્રીજા દિકરા ઉબૈદુલ્લાહ જેઓ પોતાના દાદી પાસે મદીનામાં હતા. કરબલામાં આપના બંને દિકરાઓ શહીદ થયા છે. મદીનામાં જે દિકરા ઉબૈદુલ્લાહ હતા તેમના બે દિકરાઓને ખુદાએ બાર બાર દિકરાઓ આપેલા હતા. તેઓનો વંશવેલો બની મતાઅના નામથી યમન, મિસર, ભારત વિગેરેમાં અને બનુ ઝહારૂનના નામથી પશ્ચિમના દેશોમાં મશહૂર છે. આ ખાનદાનમાં

અનેક આલિમો, ફકીહો, કાઝીઓ, શાએરો અને વકતાઓ થયા હતા. આ લોકો ‘અલવી સાદાત' તરીકે ઓળખાતા હતા. (જિંદગાનીએ કમરે બની હાશિમ)

શામના હાકીમ મોઆવિયાએ મદીનામાં પણ ઈમામ હસન (અ.સ.)ને ચેનથી રહેવા ન દીધા. આપની એક પત્ની જોઅદા બિન્તે અશઅસને પૈસા અને યઝીદ સાથે નિકાહની લાલચ આપી/ આપ

(અ.સ.)ને ઝેર પહોંચાડવાનું કાવત્રુ કર્યું. ઝેરની અસરથી આપ (અ.સ.)ને હવાફેર કરવાની સલાહ અપાય. ઈમામ હસન (અ.સ.) ઈરાકના મોસુલમાં પધાર્યા સાથે જનાબે અબ્બાસ (અ.સ.) ખિદમતમાં હતા. જેના ઘરે ઉતરેલા હતા તેને પણ મોઆવિયાએ લાલચ આપીને ઈમામ હસન (અ.સ.)ને ઝેર પહોંચાડયુ જેની આપ (અ.સ.)ને કોઈ અસર ન થઈ.

મોસુલમાં એક નાપાકે લાકડીની અણી પર ખીલી જડી તેમાં ઝેર પેવસ્ત કર્યુ. એક દિવસ ઈમામ (અ.સ.) મસ્જિદથી નમાઝ પઢીને બહાર નીકળ્યા તો મલઉને આપ (અ.સ.)ના પગમાં લાકડીની અણી ભોંકીને ઈજા પહોંચાડી જેથી આપને તકલીફ થઈ. આપ (અ.સ.)ના અસ્હાબોએ તેને પકડયો પણ આપ (અ.સ.)એ તેને છોડી દેવા ફરમાવ્યું કે, ‘ખુદા તેને

કયામતમાં આંધળો કરશે.’ આ ઈજાના લીધે આપને ઈલાજ કરવો પડયો.

એક દિવસ તે મલઉન મોસુલથી બહાર જતો હતો. જનાબે અબ્બાસ (અ.સ.)એ તેને જોઈ લીધો. જોયું તો તે જ લાકડી તેના હાથમાં હતી. અબ્બાસ (અ.સ.)ને ગુસ્સો આવ્યો તરત જ આપે તે જ લાકડીને તેના માથામાં એવી મારી

કે તે નાપાક જહન્નમ પહોંચી ગયો. (ઝિક્રૂલ અબ્બાસ)

## ઈમામ હસન (અ.સ.)ની શહાદત

આવા બહાદુર-વીરનર જયારે ૨૪ વર્ષના હતા ત્યારે હિજરી સન ૫૦, ૨૮ મી સફરે આકા ઈમામ હસન (અ.સ.)ને જોઅદાએ પાણીમાં આપેલા ઝેરથી શહીદ થયા. ઈમામ હુસૈન (અ.સ.) અને જનાબે અબ્બાસ (અ.સ.)એ ઈમામ હસન

(અ.સ.)ને નબીએ અકરમ (સ.અ.વ.) પાસે દફનાવવા ચાહતા હતા પરંતુ મરવાન અને તેના સાથીઓ મુકાબલા પર તૈયાર થયા સમય સુચકતા વાપરીને જનાબે ઝયનબ (સલા.)ના શોહર (પતિ) જનાબે અબ્દુલ્લાહ બિન જાફરેતૈયાર આગળ આવ્યા અને બંને સાહેબોને અર્ઝ કરી કે આપ આપના ભાઈની વસિયતને યાદ કરીને સબ્ર કરો. ઈમામ હુસૈન

(અ.સ.)ની આંખોમાં આંસુ આવી ગયા. આપ આપના બનેવીની અર્ઝ કબૂલ કરીને જનાઝો જન્નતુલ બકીઅની તરફ બનુ સાઅદાના વાડાવાલી ગલીમાંથી લઈ ગયા. કેમકે એ સાંકડી ગલીમાંથી બકીઅ ઝડપથી પહોંચાય એવું હતું. જનાબે અબ્બાસ (અ.સ.) આગળ થયા. વિરોધીઓને પોતાના બળથી દૂર કરી દીધા. પણ શામવાળાના જે સાથીઓ (બનુ ઉમૈયા) ખચ્ચર પર

બેસેલી બાઈની ઉશ્કેરણી મુજબ બનુ સાઅદાના છાપરા નીચે બેસેલા હતા. તેઓએ જનાઝા પર તીરો વરસાવ્યા. એહલેબૈતે રસૂલ (અ.મ.સ.)ના ઘરના જુવાનો સબ્ર કરી અને ઈમામ હસન (અ.સ.)ને બકીઅમાં ખાતૂને જન્નત જનાબે ફાતેમતુઝઝહેરા (સલા.)ના પગ પાસે દફન કરી દીધા.

જનાબે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (અ.સ.)ને કહેવું પડયું કે

ઊંટ (જંગે જમલ તરફ ઈશારો) અને ખચ્ચરનો વારો તો આવી ગયો હવે જો જીવતી હશે તો હાથીનો વારો છે (હુસૈન અ.સ. પર) (મનાકીબ ઈબ્ને શહર આસુબ જિલ્દ-૪, પાના નં.-૬૫, રોઝતુસ્સફા જિલ્દ-3, પાના નં.-૭ અને બેહારૂલ અન્વાર)

ઈમામ હસન (અ.સ.)ની શહાદતની ખબર સાંભળીને શામના અમીર મોઆવીઆએ તકબીરના

નારા સાથે શુક્રનો સજદો બજાવ્યો. (જુઓ તબરી ઈકદુલ ફરીદ, તારીખ ખમીસ, હયાતુલ હૈવાન વિગેરે)

# પ્રકરણ - ૪

# ઈમામ હુસૈન (અ.સ.) સાથે

ઈમામ હુસૈન (અ.સ.) હિજરી ૫૦, ૨૮ મી સફરથી હિજરી સન ૬૧ ના મોહર્રમની ૧૦ મી તારીખે (આશુરાનાં દિવસે) આપની શહાદત સુધી તખ્તે ઈમામત પર જલ્વાનુમા હતા. આ જનાબે અબ્બાસ (અ.સ.)ની જિંદગીનો ત્રીજો તબક્કો હતો. આ અરસામાં જનાબે અબ્બાસ (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.)ના

મદદગાર હતા. શામવાળા તરફથી મદીનામાં તેમનો વાલી વલીદ બિન અતબા હતા.

હિજરી સન ૬૦ ના શરૂમાં મોઆવીયા બિન અબુ સુફયાન મરી ગયો અને તેની ગોઠવણ મુજબ યઝીદ શામની હુકૂમતનો ધણી થયો. આ યઝીદ જયારે મોઆવીયાના વખતમાં દમાસ્કસ (શામનું પાટનગર)માં ગાનતાન અને શરાબખોરીમાં મસ્ત હતો ત્યારે

ઈમામ હુસૈન (અ.સ.) પોતાના ભાઈ જનાબે અબ્બાસ (અ.સ.) અને બનેવી જનાબે અબ્દુલ્લાહ બિન જાફરેતૈયાર સાથે કોઈ કામસર દમાસ્કસ (દમિશ્ક) પધારેલા હતા. તે વખતે યઝીદની બદકારીઓ જોઈને ઈમામ (અ.સ.)એ નિર્ધાર કરેલો હતો કે આવા પાપીને બયઅત આપવા કરતા માથું આપવુ વધારે સારૂ છે, અને તેમાંજ ખુદાની ખુશી છે.

યઝીદ ગાદી પર આવ્યો અને મદીનાના વાલી (સુબેદાર)ને લખ્યુ કે ઈમામ હુસૈન (અ.સ.)થી બયઅત (વફાદારીના સોગંદ) લઈ લે. રજબ મહીના હિજરી સન ૬૦ નો આ બનાવ છે. વલીદે ઈમામ (અ.સ.)ને પોતાના ઘરે બોલાવ્યા અને યઝીદની બયઅતની ખ્વાહિશ પેશ કરી. ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું કે, 'આટલી ઉતાવળ શું છે? મદીનામાં હું કંઈ એકલો તો

નથી. મુહાજેરીન અને અન્સારમાંથી ઘણાં છે. વળી મારા ઘરના લોકો પણ છે. બધા મળીને વિચારીને જવાબ દઈએ.'

વલીદે ઈમામ (અ.સ.)ની વાત માની લીધી અને કહ્યું કે, 'ભલે મને આ બાબતમાં કશી ઉતાવળ નથી.'

મરવાન વલીદના આ જવાબથી ધુંવાકુવા થઈને રહી જાય છે અને મરવાન બિન હકમ તેના

ઢીલા વલણ અંગે નારાઝગી બતાવે છે. પણ વલીદ એવું કહીને ચૂપ થઈ જાય છે કે ઉતાવળની જરૂર નથી અને નબીઝાદાએ જયારે વિચારવાનો વખત માંગી લીધો છે ત્યારે મદીનાની ગલીઓને વગર કારણે લોહીલુહાણ કરવાની જરૂર નથી.

ઈમામ હુસૈન (અ.સ.) ઘરે પધાર્યા ઘરના લોકોને ભેગા કર્યા, હાલતનો વિચાર કરીને મદીનાથી

મક્કા કુચ કરી જવાનો નિર્ણય લીધો અને ઈમામ હુસૈન (અ.સ.) જનાબે અબ્બાસ (અ.સ.)ને મક્કા જવાની તૈયારીની જવાબદારી સોંપે છે. જનાબે અબ્બાસ (અ.સ.) પવનવેગી સાંઢણીઓ નક્કી કરીને સરસામાન તેના પર ચઢાવે છે. ઈમામ હુસૈન (અ.સ.) સાથે કોને તેડી જવા તેની યાદી નક્કી કરે છે. બનુ હાશિમના કબીલામાંથી ઘણાં નવજુવાનો પોતાના નામો પેશ કરે છે. પણ

ઈમામ (અ.સ.) ફરમાવે છે કે “આ તો સર સાથેનો સોદો છે. જેના નસીબમાં શહાદતની સઆદત છે તે જ મારા સાથે આવનાર છે. તમે સૌ મદીનામાં સુલેહશાંતિથી રહો. નાની સાહેબા ઉમ્મે સલમાની સલાહ મુજબ કામ કરતા રહો. મારી લાડલી સુગરા બીમાર છે તેની ખબર રાખવાને આવતા રહો.”

અને છેલ્લે તે ઘડી આવી પહોંચી કે ઈમામ (અ.સ.) પોતાના

ભાઈ જનાબે અબ્બાસ (અ.સ.)ની ગોઠવણ મુજબ મદીનાથી હિજરત કરી જવાને તૈયાર થઈ ગયા. નાના સાહેબ હઝરત મોહંમદ (સ.અ.વ.)ના મઝારે અકદસથી ભીની આંખે વિદા થયા. વાલિદાએ ગિરામી અને ભાઈ હસન (અ.સ.)ની કબ્ર પર આવીને ઝારઝાર રડયા. સુગરાને સબ્ર અને શુક્રની મીઠી વાત કરીને, મૌકો મળશે તો અલીઅકબરને તેડવા મોકલીને

બોલાવી લેશે એવા દિલ હલાવનારા કલેમા ફરમાવીને નાની સાહેબા ઉમ્મે સલમા પાસે આવ્યા અને અર્ઝ કરી કે, ‘નાની સાહેબા મારા નાના તમને જે શીશી આપી ગયા છે તેમાં જન્નતની થોડીક માટી છે. મારા વ્હાલા નાની સાહેબા, આ શીશીને જોતાં રહેજો. જયારે તેમાંની માટી લાલ થઈ જાય તો તમારા નવાસા શહીદ થઈ ગયા છે એમ માની લેજો. મારા ફરઝંદ અલીને

લઈને ઝયનબ આવી પહોંચે તો તેમને મારા સલામ કહેજો.'

પથ્થરને પણ પીગળાવી દે એવી આ વાતો પૂરી થઈ અને ઈમામે મઝલૂમ ઈશાની નમાઝ અદા કરીને મદીનાના છેવટના લુકમા જમીને મક્કા રવાના થઈ ગયા. જનાબે અબ્બાસ (અ.સ.)એ ઈમામના ફરમાન મુજબ જનાબે ઝયનબ (સ.અ.)ને તેમજ એહલેબૈત (અ.મુ.સ.)ના સાથીઓને સવાર

કર્યા. એ પછી ઈમામના ઘોડા ઝુલજનાહ સાથે પોતાનો ઘોડો તૈયાર કર્યો. શેરેખુદાના બંને શેરદિલ શાહઝાદા જવાનો અને પાક ખાતૂનોને સાથે લઈને મક્કાના રસ્તે કુચ કરી ગયા.

જયારે મક્કા મોઅઝઝમા પહોંચ્યા ત્યારે મક્કાવાસીઓએ ભારે માનથી ઈમામ હુસૈન (અ.સ.)નું સ્વાગત કર્યું. કુફાના લોકો તરફથી આપને કુફા પધારવાના ઢગલાબંધ

કાગળો આવવા લાગ્યા. આપે પોતાના બનેવી અને પિત્રાઈ ભાઈ જનાબે મુસ્લિમ બિન અકીલને કુફ્રા પોતાના પ્રતિનિધી તરીકે મોકલ્યા. હજના દિવસો પાસે આવતા ઈમામ (અ.સ.)ને જાણવા મળ્યું કે યઝીદે ત્રીસ માણસોને હાજીઓના વેશમાં મક્કા રવાના કર્યા છે અને એ લોકોને તાકીદ કરવામાં આવી છે કે ઈમામ (અ.સ.) હજમાં મશ્ગૂલ હોય ત્યારે એમને શહીદ કરી નાખવા

(તારીખે આ'સમે કુફી, મકતલે અબી મખ્નફ વિગેરે)

ઈમામ હુસૈન (અ.સ.) હરમની બેહુરમતી થાય એવું ચાહતા ન હતા એટલે આપે મક્કાથી કુફા તરફ ચાલ્યા જવાનો ઈરાદો કર્યો. સૌ કોઈ ઈમામની ખિદમતમાં હાજર થતા હતા અને મક્કાનો ત્યાગ ન કરવા અરજ કરતા હતા. ઈમામ (અ.સ.) દરેકને તેની સમજ પ્રમાણે જવાબ આપતા હતા. આપના આ

જવાબમાં આ શબ્દો સ્પષ્ટ દેખાઈ આવતા હતા કે ‘યઝીદની બયઅત વગર આખી દુનિયામાં મને કયાંય અમાન મળનાર નથી અને હું પણ યઝીદની બયઅત કદી કરીશ નહીં.

અને હજારો માણસોના આંસુઓ સાથે આપ મક્કાથી વિદા થયા.

મક્કાથી વિદાય થતાં પહેલાં ખાનએ કાઅબાની છત ઉપર

હઝરત અબ્બાસ (અ.સ.)એ એક ખુત્બો આપ્યો.

## હઝરત અબ્બાસ (અ.સ.)નો ખુત્બો

વખાણ અલ્લાહ માટે છે જેને બૈતુલ્લાહને આપના (ઈમામ હુસૈન અ.સ.ના) વાલિદના પગલાથી માનવંત બનાવ્યુ જે ગઈ કાલે ઘર હતું (તે આજે) કિબ્લો બન્યુ.

અય નાશક્રા ગુનેહગારો ! તમે આ ઘરનો રસ્તો નેક લોકોના

ઈમામ માટે બંધ કરો છો ? કોણ આ ઘર માટે લાયક છે ? કોણ આ ઘરની સૌથી વધારે નજદીક છે ? જો મહાન અલ્લાહની હિકમત, રાઝો અને લોકોની કસોટી ન હોત તો આ ઘર તેમની પાસે ઊડીને જાત લોકો હજરે અસ્વદને સલામ કરે તે પહેલા હજરે અસ્વદ ઈમામ હુસૈન (અ.સ.)ને સલામ કરતે.

જો મારા મૌલા ઈમામ હુસૈન (અ.સ.) અને અલ્લાહનો ઈરાદો

(તમને બાકી રાખવાનો) ન હોત તો હુ શિકારી બાજ જેવી રીતે ચકલી ઉપર હુમલો કરે તેવી રીતે તમારી ઉપર હુમલો કરતે.

તમો શું એ જવાનને મોતથી ડરાવો છો જે બચપણમાં મોતથી રમતા હોય ? મારા મૌલા અને આકા જે તમામ મખલૂક કરતા બહેતર છે. તેના ઉપર મારી જાન ફિદા થાય.

તમોને વિચાર કરવો જોઈએ કોનુ અનુસરણ કરવું જોઈએ જે શરાબ પીવે છે તેનું ? કે જે હૌઝે કૌસરના માલિક છે તેનું ? જે વહી અને કુરઆનના ઘરમાં છે તેનું ? કે જેના ઘરમાં નજાસત અને લહેવો લએબનો સામાન છે તેનું ? અથવા તેનું કે જેના ઘરમાં આયતે તતહીર નાઝિલ થઈ છે.

તમે લોકો કુરૈશ (ના કાફિરો) જેવી ભૂલ કરો છો જ્યાં સુધી

અમીરૂલ મોઅમેનીન (અ.સ.) હયાત હતા પયગંબર (સ.અ.વ.)નું કત્લ શકય ન બન્યુ (તે જ પ્રમાણે) જયાં સુધી હું હયાત છુ અબા અબ્દિલ્લાહ હુસૈન (અ.સ.)નું કત્લ કરવુ શકય નથી આવો હું તમને તેઓના કત્લનો રસ્તો બતાવુ મને કત્લ કરવામાં જલ્દી કરો જેથી તમો તમારા મકસદ સુધી પહોંચી શકો અલ્લાહ તમને તમારા મકસદ સુધી ન પહોંચાડે તમારા અને તમારા

ફરઝંદોની ઉમ્ર ટૂંકી થાય અને અલ્લાહની લાનત થાય તમારા અને તમારા બાપદાદા ઉપર. (મનાકિબે સાદાતે કિરામ, તારીખે કામીલ)

## મક્કાથી કરબલાનો સફર

ઈબ્ને અસીરના જણાવ્યા મુજબ ત્રીજી મંઝિલે અને તબરીના જણાવ્યા મુજબ પાંચમી મંઝિલે ખઝીમીયહ ઈમામ (અ.સ.)ને

જનાબે મુસ્લિમ બિન અકીલ અને હાની બિન ઉર્વાહની શહાદતના દુ:ખદ સમાચાર મળ્યા. આ સમાચાર આપીને ઈમામ આલી મકામ (અ.સ.)એ પોતાના સાથેના અનેક લોકોને ફરમાવ્યું કે, ‘અય લોકો, તમારામાં જેઓ તલવારના જખ્મો અને ભાલાના ઘા ઝિલવાની હિંમત રાખતા હોય તેઓ જ અમારા સાથે આવે અને જેઓ એ દુ:ખો સહન ન કરી શકતા હોય તેઓ

અહીંથી જ અમારાથી જુદા પડી જાય.' (મકતલે અબી મખ્નફ, નાસિખુત્તવારીખ) જેઓ આપના સાથે દુનિયાની લાલચે આવ્યા હતા તેઓ જતા રહ્યા જેમને શહાદતની સઆદત મળવાની હતી તે જ લોકો આપના સાથે રહ્યા.

૨૭ ઝિલ્હજ રવિવારના દિવસે ઈમામ હુસૈન (અ.સ.) ઝુહસ્મની મંઝિલ પર પહોંચ્યા ત્યાં હુર ઈબ્ને યઝીદે રિયાહી પોતાના લશ્કરની

સાથે આવી પહોંચ્યા, ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : હુર તથા તેના લશ્કરીઓ અને જાનવરોને પાણીથી સયરાબ કરો. જનાબે અબ્બાસ (અ.સ.) તથા અસ્હાબોએ ઈમામ (અ.સ.)ના ફરમાન મુજબ હુર તથા તેના લશ્કરીઓ અને જાનવરોને પાણીથી સયરાબ કર્યા. મશ્કીઝાઓમાં તે દિવસે બરકત એટલી થઈ કે બંને ફોજે પાણી પીધા પછી પણ ઘણું પાણી બાકી

રહ્યું. ઈતિહાસકારો લખે છે કે ઘોડાઓએ ત્રણ ત્રણ વાર પાણીના વાસણ તરફથી મોં ફેરવી ન લીધુ ત્યાં સુધી તેઓને પાણી પીવડાવ્યું. (સહીફ-એ-કરબલા)

મોહર્રમ હિજરી સન ૬૧ ની બીજી તારીખ ગુરૂવારે હુસૈની કાફલો કરબલામાં દાખલ થયો. આપનો ઘોડો એકાએક અટકી ગયો. આપે જગ્યાના નામની તપાસ કરાવી. મારીયા, તફ, નયનવા નામો જાણવા

મળ્યા. એટલામાં એક બુઝુર્ગ શખ્સથી તપાસ કરતા જાણવા મળ્યું કે આ તો કરબોબલા (મુસીબત અને દુ:ખની)ની જગ્યા છે. જે કોઈ અહીં આવ્યા-ઉતર્યા તે દુ:ખી થયા છે. આ ઝમીનનું નામ જ કરબલા-કરબુન વ બલા-દુ:ખ અને આફત છે.

ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું કે, ‘હા આ ધરતી જ આલે મોહંમદ (અ.મુ.સ.)ના ખૂનની

પ્યાસી છે. ભાઈ અબ્બાસ (અ.સ.), આવો અને આ સામેની અલકમા નહેરના કાંઠે આપણા ખૈમાઓ સ્થાપી દો.' ફરમાને આલી મુજબ જનાબે અબ્બાસ (અ.સ.)એ નહેરના કાંઠે ખૈમાઓ લગાવી દીધા. હુર અને સાથીઓએ પણ થોડે દૂર પોતાના તંબુ ઉભા કર્યા.

કરબલામાં હુસૈની ફોજના તંબુઓ નહેરે અલકમાના કાંઠે ઉભા થયા અને કુફાથી ઉમર બિન

સઅદની સરદારીમાં એક ફોજ આવી ઉભી. આવતાના સાથે જ તેણે એવી હઠ લીધી કે હુસૈન (અ.સ.)ના ખૈમાઓ નહેરના કાંઠે હોય એ વાતને અમે સહન નહીં કરીએ.

જનાબે અબ્બાસ (અ.સ.) ખૈમાઓ પાસે અડીખમ ઉભા થઈ ગયા અને લલકાર કરી કે કોની તાકત છે કે સાકીએ કૌસરના દિલબરને નહેરના કાંઠેથી હટાવે.

જનાબે અબ્બાસ (અ.સ.)નો જલાલ જોઈને જનાબે ઝયનબ (સ.અ.) જોયુ કે હમણાં વાત આગળ વધશે અને તલવારો ઉછળી પડશે. શેરે ખુદાની શેર દિલ શહેઝાદી આગળ થયા અને ભાઈનો હાથ પકડીને કહ્યું કે, ‘સબ્ર કરો તમારા ભાઈ હસન (અ.સ.)ના જનાઝા પર ચઢાઈ થઈ ત્યારે પણ સબ્રની જરૂરત હતી. ભાઈ, હટી જાવ અને તમારા

મૌલાની શું ખુશી છે તે પહેલા પૂછી લો.'

જનાબે અબ્બાસ (અ.સ.) સબ્ર કરી અને દરબારે ઈમામતમાં આવીને ઉભા થયા. અને ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે, 'ભાઈ તમે પહેલા ઈબ્ને સઅદ પાસે જાવ અને તેને કહો કે પાણી માટે લડાઈ ન હોય. સરદારે અંબિયા (સ.અ.વ.)એ ફરમાવેલું છે કે પાણી અને બળતણમાં તમામ લોકોનો હક છે

અને તમે તો નબીનો કલેમો પઢનાર છો તો પાણી કેમ બંધ કરો છો ?

જનાબે અબ્બાસ (અ.સ.) ઉમર બિન સઅદ પાસે ગયા અને પાણી બાબતમાં ઘણી બહેસ કરી જે ઉમરના ગળે ઉતરી પણ કુફાથી ઈબ્ને ઝિયાદનો ભારપૂર્વક હુકમ આવ્યો કે હુસૈન (અ.સ.)ને નમાવવામાં પાણી જ હથિયાર તરીકે કામ લાગશે. હુસૈન (અ.સ.)

અને તેમના અસ્હાબને પાણીથી તુરંત દૂર કરો. જનાબે અબ્બાસ (અ.સ.)ની કોશિશ નાકામ રહી.

ઈતિહાસકારો લખે છે કે કરબલામાં આવ્યા પછી ઈમામ (અ.સ.)એ ત્યાંના લોકો પાસેથી જમીન ખરીદી લીધી. બહેરૂલ મસાએબમાં એ હકીકત નીચે મુજબ રજૂ થઈ છે.

કરબલામાં પહોંચીને આપ (અ.સ.)એ નયનવાના લોકોને

બોલાવ્યા. તેઓ હાજર થયા ત્યારે ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે, ‘હું તમારી આ જમીન પર રહેવા ચાહું છું અને મારી ઈચ્છા છે કે આ જમીનને હું આબાદ બનાવું.’ જો તમે આ જમીન મને વેચશો તો એમાં મને ખુશી થશે. લોકોએ અરજ કરી ‘યબ્ન રસૂલુલ્લાહ, અમે અમારા પૂર્વજોથી સાંભળતા આવ્યા છીએ કે હઝરત આદમ (અ.સ.), હઝરત નૂહ (અ.સ.), હઝરત ઈબ્રાહીમ (અ.સ.)

જે જે નબીઓ અહીંથી પસાર થયા તેઓ સખત આફતમાં સપડાયા. આપ આ જમીનને વસાવો નહીં.' ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું, 'એમ કેમ થઈ શકે ? અલ્લાહની મરજીમાં એવું નિર્મિત થઈ ચૂકયુ છે. એટલું કહીને ઈમામ (અ.સ.)એ લોકોને ૬૦,૦૦૦ દીનાર આપ્યા અને એ જમીન ખરીદી લીધી એનો વિસ્તાર ચાર માઈલ હતો. અને એમાંજ આપની, એહલેબૈત (અ.મુ.સ.) અને

અસ્હાબોની કબ્રો છે. એ પછી ઈમામ (અ.સ.)એ જમીન તેઓને બે શરતો સાથે પાછી આપી.

એક એ કે એ ખરીદાયેલી જમીન પર ખેતી કરવી નહીં. અને બીજી એ કે જયારે અમારા ચાહકો અમારી કબ્રોની ઝિયારત માટે આવે ત્યારે તેઓને કબ્રોની નિશાની બતાવી અને ત્રણ દિવસ સુધી તેઓની મહેમાનદારી કરવી. નયનવાના રહીસોએ એ શર્તો મંજૂર

કરી અને કિંમત લઈને પાછા ફર્યા. આ બનાવ બીજી મોહર્રમના દિવસે બન્યો.

ઈબ્ને ઝિયાદના ફરમાન મુજબ ૭ મી મોહર્રમથી ઈમામે આલી મકામ (અ.સ.) અને આપના સાથીઓ પર પાણી બંધ થયું. ઉમરે સાઅદે ફુરાત પર પહેરો એટલો સખત બેસાડયો કે ફુરાતમાંથી પાણીનું એક ટીપું ઈમામ (અ.સ.)ના તંબુઓમાં પહોંચે નહીં. દૂર દૂર સુધી

ફુરાત પર ઘોડે સવારો પહેરો ભરવા લાગ્યા. આ લોકો એટલા બધા કઠોર દિલના હતા કે ઈમામ અને આપના સાથીઓને પાણી દેખાડી દેખાડીને પીતા હતા અને જમીન પર ઢોળી નાખતા હતા. એમાંથી એક અબ્દુલ્લાહ બિન હસીન કાંઠે ઉભો રહ્યો અને ઈમામ (અ.સ.)ને સંબોધીને કહ્યું, ‘અય હુસૈન (અ.સ.) જોતા નથી કે આ પાણી કેટલુ મીઠુ અને ઠંડુ છે.

વલ્લાહ, જો તમે તરસથી મરી જાઓ તો પણ આ પાણીમાંથી તમને એક ટીપું મળવાનુ નથી.' એના જવાબમાં ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે, ‘અય અલ્લાહ, તુ એને તરસ્યો રાખજે.' હમીદ બિન મુસ્લિમ કહે છે કે, “વલ્લાહ ! મેં આ અબ્દુલ્લાહ બિન હસીનને તરસથી લાચાર થઈ ચોમેર ફરિયાદ કરતા જોયો કે લોકો તેને પાણી પીવરાવતા હતા પણ તે તરત જ

ઉલ્ટી કરી નાખતો હતો અને પાણીનું એક ટીપું તેના શરીરમાં રહેતું ન હતું અને તેની તરસ કોઈ પણ રીતે બુઝાતી ન હતી એટલે સુધી કે એ જ હાલતમાં તે તરસ્યો હલાક થયો. એ વખતે મને ઈમામ (અ.સ.)ની દુઆ યાદ આવી અને હું ખૂબ જ રડયો.” (તારીખે કામીલ)

# સક્કાએ એહલેબૈત
# (અલય્હેમુસ્સલામ)

સક્કા યાને પાણી પીવડાવનાર, સક્કાઈ યાને પાણી પીવડાવવાનું કામ. આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.) બચપણમાં હઝરત અબ્બાસ (અ.સ.)ના ખભા ચુમી લેતા અને ‘અબુલ કર્યાહ' તરીકે બોલાવતા. બચપણથી જ જનાબે અબ્બાસ (અ.સ.) પાણી પીવડાવાનું કામ શોખથી કરતા.

બચપણમાં ઈમામ હુસૈન (અ.સ.)ને પાણી પીવડાવવા જતા પાણી ઢોળાય ગયાનો બનાવ અગાઉ આવી ગયો છે.

જંગે સિફ્ફીનમાં શામના અમીરે પાણીના ઘાટ પર કબજો કરેલો અને અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના લશ્કર પર પાણી બંધ કરેલું તે સમયે જનાબે અબ્બાસ (અ.સ.) પોતાના મૌલા ઈમામ હુસૈન (અ.સ.) સાથે ઘાટ પર

લડવા ગયેલા હતા. મોઆવીઆના લશ્કરને હટાવી દીધું, અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ પાણી બધા માટે છુટ્ટુ મૂકયુ હતું.

જનાબે અબ્બાસ (અ.સ.)ને સક્કાએ એહલેબૈત (અ.મુ.સ.) તરીકે યાદ કરવામાં આવે છે. કરબલાનું તપતું રણ અને સખ્ત ગરમી આઠમી તારીખથી જ સૌ તરસથી બેચેન થઈ ગયા હતા. આઠમીની સવારે જનાબે અબ્બાસ (અ.સ.)એ

કૂવા ખોદવાનું કામ શરૂ કર્યું આપના એહલેબૈત (અ.મુ.સ.) અને સાથીઓ સૌ મહેનત કરવા લાગ્યા. એક કૂવો ખોદાયો પણ એમાં પાણીને બદલે પથ્થરો નીકળ્યા. આટલેથી જ આ વીરનરો નિરાશ થાય એમ ન હતું. તરત જ બીજો કૂવો ખોદવા લાગ્યા પણ અફસોસ એમાંય પાણી ન નીકળ્યું. (મકતલે અબુ મખ્નફ)

બીજી તારીખથી સાતમી સવાર સુધી તો સહેજ સાજ પાણી

આમતેમથી તેમજ મશ્કીઝાઓના સંગ્રહમાંથી મળી જતુ હતું. તેનો ઉપયોગ ખાવા, પીવામાં અને વઝુમાં મર્યાદિત રહ્યો. ઈમામ (અ.સ.) તો પોતાના સાથીઓની તરસ બુઝાવવાને પોતાના ભાગે આવેલું પાણી પણ પુરૂ પીતા ન હતા. જનાબે અબ્બાસ (અ.સ.)એ પણ એજ નીતિ અપનાવેલી હતી. સાતમી તારીખથી એક બુંદ પાણી પણ મળ્યું નહીં. અલકમાની નહેર

પર દૂર દૂર સુધી દુશ્મનોના પહેરા બેસી ગયા.

ઈબ્ને ઝિયાદના હુકમ મુજબ પાણીની સખત બંધી થઈ અને યઝીદની બયઅત યા લડાઈનો હુકમ આવ્યો. ઈમામ આલી મકામ (અ.સ.)એ ફરમાવ્યું કે, “વલ્લાહ ! હું કદી પણ યઝીદના હાથમાં મારો હાથ (બયઅત) આપનાર નથી.”

એ પછી આપ (અ.સ.), જનાબે અલી અકબર અને જનાબે અબ્બાસ

(અ.સ.) સાથે મેદાનમાં આવ્યા અને ઉમરને બોલાવ્યો. તે પણ પોતાના પુત્રો અને ગુલામ સાથે આવ્યો. ઈમામ (અ.સ.)એ તેને સમજાવવાની કોશિશ કરી પણ રયની હુકૂમતની લાલચના કારણે તેના પર કોઈ અસર ન થઈ. તે દરમિયાન આપ (અ.સ.) કુફીઓને સમજાવવા અમુક ખુત્બા પઢયા.

નવમી તારીખે જ ઉમરે લડાઈ જાહેર કરી પરંતુ ઈમામ હુસૈન

(અ.સ.)એ જનાબે અબ્બાસ (અ.સ.)ને મોકલીને એક રાતની મોહલત લીધી.

નવમો દિવસ પૂરો થઈને આશૂરાની રાત - જુમ્આની રાત આવી. ઈશાની નમાઝ પઢાવીને પોતાના એહલેબૈત (અ.મુ.સ.)ને પરદા પાછળ રાખી અસ્હાબ અને ઘરના ફરઝંદોને પોતાના રૂબરૂ ગોળાકાર બેસાડીને હાલાતની જાણકારી આપી. આપે ફરમાવ્યું કે,

‘દુશ્મન મારા ખૂનના પ્યાસા છે, હજારોની સંખ્યામાં ઘેરો નાખીને ઉભા છે. તેમને ન તો ખુદાનો ડર છે, ન ખુદાના પયગંબરના દીનની પડી છે. તેઓને ફકત હુસૈન (અ.સ.) ધરતીની પીઠ પર ન હોય એટલું જ જોઈએ છે. તમે સૌ મને આ મેદાનમાં એકલા મૂકીને ચાલ્યા જાવ. ફરઝંદો અને કુટુંબીઓને પણ કહું છું કે હરમની ઔરતો અને બચ્ચાને લઈને અંધારામાં નિકળી

જાવ. અસ્હાબને કહું છું કે ચાલ્યા જાવ. કોઈને એમ હોય કે ઈમામના દેખતા કેમ જવાય, તો લો હું આ મારી અબાના છેડાને મોં પર ઢાંકી દઉ છું, આ દીવાને ઓલવી દઉ છું, તમે દિલમાં કશી પણ શરમ રાખ્યા વગર ચાલ્યા જાવ.'

આમ ફરમાવીને ઈમામ (અ.સ.) અબાનો છેડો હાથમાં લઈને દીવો ઓલવવા ચાહતા હતા કે જનાબે અબ્બાસ (અ.સ.)એ ઈમામ

(અ.સ.)નો હાથ પકડી લીધો. ઈમામ અટકયા અને વફાના ચહેરાને ધીમા ઉજાસમાં જોતા રહ્યા. જનાબે અબ્બાસ (અ.સ.) ઉભા થયા અને બોલ્યા કે, ‘મૌલા, આપ ઉપર હું મારા મા-બાપથી કુરબાન જાવ, આપ આ શું ફરમાવો છો ? અરે અમે એકવાર નહીં, એકસો વાર જન્મીએ અને આપના પર માથાને કુરબાન કરી દઈએ તો પણ આપના

અહેસાનનો હજારમો ભાગ પણ અદા થઈ શકે નહીં.’

જનાબે અબ્બાસ (અ.સ.)એ હાજર રહેલાઓને સંબોધીને પુર જોશ બયાન કર્યું. જે સાંભળીને એહલેબૈત (અ.મુ.સ.) અને અસ્હાબમાંથી બહાદુર જુવાનો એક પછી એક ઉભા થયા અને ઈમામ પર જાન દેવાની તમન્ના જાહેર કરી. અલબત્ત જેના નસીબમાં શહાદતની સઆદત ન હતી તેઓ મક્કાથી

કરબલાના રસ્તામાં જ અલગ પડી ગયા હતા. અને જે છેલ્લે જવા ચાહતા હતા તે આશૂરાની રાતમાં જતા રહ્યા. ફક્ત શહીદ થવાના હતા તે જ રહ્યા.

તંબુઓની પાછળ ખંદક (ખાડા) ખોદવામાં આવી હતી તેમાં આગ સળગાવી હતી જેથી દુશ્મનો પાછળથી હરમ પર હુમ્લો ન કરે. ઈમામ (અ.સ.) અને એહલેબૈત (અ.મુ.સ.) અને અસ્હાબો તિલાવત

અને ઈબાદતમાં મશગૂલ રહ્યા. જેમ મધમાખીઓનો ગણગણાટ થાય તેમ વાતાવરણમાં અવાજ આવતો.

જનાબે અબ્બાસ (અ.સ.) તંબુઓની આસપાસ ચોકી કરતા રહ્યા, એક તંબુમાંથી સ્ત્રીના રડવાનો અવાજ આવતા, આપે તેમાં જોયુ કે જનાબે ઉમ્મે કુલસૂમ રડી રહ્યા છે. બહેનને રડતા જોઈ આપે પૂછયુ.

જનાબે ઉમ્મે કુલસૂમ કહે છે કે, ‘ભાઈ કેમ ના રડુ, કાલે બધી

ખાતૂનો પોતપોતાના ફરઝંદોને ઈમામ (અ.સ.) પર કુરબાન કરશે. હું બે ઔલાદ છું, મારી ઔલાદ નથી, ઈમામ પર કોને કુરબાન કરીશ.' જનાબે અબ્બાસ (અ.સ.)ની આંખોમાં આંસુ આવી ગયા આપ (અ.સ.)એ ફરમાવ્યું કે, 'બહેન હું આજથી તમારો ગુલામ છું તમારા એક ગુલામ તરીકે કાલે મને ઈમામ (અ.સ.) ઉપર કુરબાન કરજો.'

દુનિયામાં આજે એવો શુધ્ધને અચળ પ્રેમ કયાં છે ? બહેનના ગુલામ બનનારા ભાઈઓ કયાં છે ? સચ્ચાઈ (હક) પર પોતાના બાળકોને કુરબાન કરનારી માતાઓ કયાં છે ? ભાઈ પર મરી ફીટનાર બહેનો કયાં છે ? આ બધુ ફક્ત કરબલામાં જ હતું. દુનિયાના ઈતિહાસે એવું કોઈ બીજું દ્રષ્ટાંત રજૂ કર્યુ નથી અને કરશે પણ નહીં.

## જનાબે અબ્બાસ (અ.સ.)ને અમાનનામું

શીમ્ર ઝીલ જૌશન જનાબે ઉમ્મુલ બનીનના દૂરના સગાઓમાં થતો હતો. તેથી તેણે જાહેરમાં મામા હોવાનો ડોળ કર્યો તેનો ઈરાદો કોઈપણ રીતે જનાબે અબ્બાસ (અ.સ.)ને ઈમામ (અ.સ.)થી વિખૂટા પાડવાનો જ હતો કારણ કે જનાબે અબ્બાસ (અ.સ.)ની શોર્યતાને દિલેરી આખા અરબમાં

મશહૂર હતી. અંધારી રાતે શીમ્ર ઈમામના તંબુ પાસે આવીને પોકારવા લાગ્યો કે મારી બહેનના ફરઝંદો કયાં છે ? મારે તેમને કંઈ કહેવું છે.

શીમ્રે અમાનનામુ પેશ કર્યુ. જનાબે અબ્બાસ (અ.સ.)એ ગુસ્સાથી તેને ફરમાવ્યું, ‘તારા અમાનનામા પર ખુદાની લાનત, અય ખુદાના દુશ્મન, તુ અમને અને અમારા ભાઈઓને મૌલા હુસૈન

(અ.સ.)નો સાથ મૂકી આપવા સમજાવવા આવ્યો છે અને કહે છે કે અમે યઝીદ જેવા દુરાચારી સામે માથું નમાવી દઈએ ? તું અમને અમાન આપવા આવ્યો છે અને પયગંબર (સ.અ.વ.)ના ફરઝંદ માટે અમાન નથી !' આ જવાબ પછી શીમ્ર ચુપચાપ પાછો ફર્યો (તારીખે આસમે કુફી)

# આશૂરાનો દિવસ

આશૂરાની સવાર થઈ. જનાબે અલીઅકબર (અ.સ.)એ અઝાન કહી અને ઈમામ (અ.સ.)એ પોતાના વફાદારોને ફજરની નમાઝ પઢાવી. આપ (અ.સ.)એ આસમાન તરફ હાથો ઊંચા કરીને આ દુઆ પડી.

“અય પરવરદિગાર ! હું દરેક દુ:ખ - દર્દમાં તારા પર ભરોસો કરૂ છું. જો કોઈ આફત આવે તો તું જ મારો આધાર છે અને મદદગાર છે.

અય રબ, કેટલાક દર્દ એવા છે કે જેમાં દિલો ભાંગી પડે છે. તે વખતે છુટવા માટે કોઈ હીલો કામ લાગતો નથી એવા વખતે દોસ્તો મદદ કરતા નથી અને દુશ્મનો મશ્કરી કરે છે. અય રબ, એવી જ મુસીબતોની ફરિયાદ લઈને હું આવ્યો છું બીજા કોઈના દરવાજા પર ન જતા તારા દરવાજા પર માંગવાને આવ્યો છું. હવે મારી મુશ્કેલી દૂર કરવામાં મોડુ ન થાય. તું દરેક નેઅમતોનો

માલિક છે. દરેક નેકીનો સાહેબ છે અને દરેક ઉમ્મીદનો અંત તું છે. તારા ઘણા બધા એહસાન છે અને ઘણા બધા વખાણ છે.”

આશૂરાની સવારે એક શામીએ ખંદકની આગ જોઈને બકવાસ કર્યો કે ‘અય હુસૈન (અ.સ.) ! આપે તો જીવતા જીવ આપના અસ્હાબો માટે આગ સળગાવી છે !?'

જનાબે અબ્બાસ (અ.સ.) તેનો જવાબ દેવાને આગળ વધ્યા. પેલો

આપનો જલાલ જોઈને એવો ડર્યો કે ઘોડાને સંભાળી ન શકયો. ઘોડો તેના બદબખ્ત સવારને સાથે લઈને પાછો વળવાના બદલે આગળ વધ્યો અને ભારે હણહણાટ સાથે પોતાના બે પગ ઊંચા કરી શામીને જીવતા જીવ આગની ખંદકમાં નાખી દીધો.

ઈમામ હુસૈન (અ.સ.)એ આસમાન તરફ હાથો ઉઠાવીને દુઆ કરી કે, અય અલ્લાહ, અમે તારા

નબી (સ.અ.વ.)ના એહલેબૈત (અ.મુ.સ.) છે અને નજીકના કુટુંબીઓ છીએ. અય અલ્લાહ, જે લોકોએ અમારા હકને છિનવી લીધો અને અમારા પર ઝુલ્મ કર્યો તેને ઝલીલ કર, કેમકે તું જ દુઆઓનો સાંભળનાર અને નજીક છે.

દુશ્મનોના લશ્કરની આગલી હરોળમાં ઉભેલો એક નાપાક મોહંમદ બિન અસઅસ આગળ આવીને બોલવા લાગ્યો કે, ‘તમને

અને મોહંમદ (સ.અ.વ.)ને વળી શું સગાઈ છે !?’

ઈમામ (અ.સ.) આ બકવાસ સાંભળીને તડપી ગયા અને ફરમાવ્યું કે, ‘અય અલ્લાહ! આજે જ તું એને સજા આપી દે.'

ઈમામે આલીમકામ (અ.સ.)ના દુ:ખી દિલની આ દુઆ ખુદાએ સાંભળી લીધી. થોડા વખત પછી મલઉન કુદરતી હાજત માટે ઝાડીમાં બેઠો કે એક કાળો વીંછુ

તેને કરડયો અને તડપીને તરત જ જહન્નમમાં પહોંચી ગયો. (મકતલ ખવારઝમી ભાગ- ૧ પા. ૨૪૯)

## જનાબે અબ્બાસ (અ.સ.)ને બીજું અમાનનામું

લઈન ઈબ્ને ઝિયાદનો એક દરબારી જર્રાર બિન અબ્દુલ્લાહે આપ (અ.સ.)ના મામા હોવાનો દાવો કરેલો. તે જનાબે ઉમ્મુલ બનીનનો પિત્રાઈ ભાઈ હતો. તેને

ઈબ્ને ઝિયાદ પાસેથી લેખિત અમાનનામુ લઈને પોતાના ગુલામ ઈરફાન સાથે કરબલામાં જનાબે અબ્બાસ (અ.સ.)ને આશૂરાની સવારે મોકલ્યુ, ઈરફાને તે આપની પાસે રજૂ કર્યું. જનાબે અબ્બાસ (અ.સ.)એ તેને ફગાવી દીધું અને ઈમામ (અ.સ.)નો સાથ છોડયો નહીં. (તબરી, આ'સમે કુફી)

**જબ ઝબા પર કભી આ જાતા હૈ નામે અબ્બાસ**
**દેર તક હોઠોંસે ખુશ્બૂએ વફા આતી હૈ**

## જનાબે અબ્બાસ અલમદાર(અ.સ.)

આશૂરાની સવારે ઈમામ (અ.સ.)એ પોતાના નાના લશ્કરની ગોઠવણ કરી. ઝુહૈર બિન કૈનને જમણી બાજુના સરદાર અને હબીબ બિન મઝાહીરને ડાબી બાજુના સરદાર નિમ્યા. લશ્કરનો અલમ જનાબે અબ્બાસ (અ.સ.)ને સોંપ્યો અને આપને સરસેનાપતિ (કમાન્ડર ઈન ચીફ) નિમ્યા.

કોઈ મોમીન બાળક એવું નહીં હોય કે, ‘હઝરત અબ્બાસ અલમદાર (અ.સ.)ને ઓળખતુ ન હોય’ જનાબે અબ્બાસ (અ.સ.) અલમદાર તરીકે ઓળખાયા. અલમદાર કે અલમબરદાર (ઝંડો ઉઠાવનાર) આ શબ્દો ફારસીના છે.

અલમ, ઝંડો, ધ્વજ, નિશાન, પરચમ વિગેરે અલગ અલગ ભાષાના શબ્દો છે. અરબીમાં લેવા-રાએત શબ્દો આના માટે છે.

દુનિયામાં પહેલી લડાઈ હઝરત આદમ (અ.સ.)ના બે દિકરાઓ હાબિલ અને કાબિલ વચ્ચે થઈ જેમાં કાબિલે હાબિલને મારી નાખ્યા.

તે પછી જનાબે શીસ અને કાબિલ વચ્ચે થઈ. આ વખતે અલમના ઉઠાવનાર ફરિશ્તા (મલાએક) હતા અને અલમનો રંગ સફેદ હતો. આથી એક વાત નક્કી થાય છે કે અલમબરદાર ફરિશ્તા

હોય યા ફરિશ્તા સિફત ઈન્સાન હોય છે. હઝરત ઈબ્રાહીમ (અ.સ.)નો પરચમ પણ સફેદ રંગનો જ હતો.

"મનસબ તો ઈમામતકા ભાઈ કો મિલા,
લેકીન અબ્બાસકે હાથોમેં પરચમ હૈ ઈમામતકા"

જૂના જમાનામાં અલમનું મહત્વ ઘણું હતું. હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના ઝમાનામાં થયેલી લડાઈઓમાં અલમ આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના હાથમાં

રહેતો ઓહદની લડાઈમાં આપના જમણા હાથમાં ઈજા થઈ અને અલમ ડગમગવા લાગ્યો તો લોકોએ ચાહ્યુ કે આગળ વધીને અલમને લઈ લે. ખુદાના નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું, ‘ખબરદાર, અલી (અ.સ.)ના ડાબા હાથમાં આપી દો એ દુનિયા અને આખેરતમાં મારા અલમદાર છે. તેના સિવાય બીજા કોઈનો હક નથી (મનાકીબ શહરે આશુબ ભા. 3, પા.

૧૫૯ નાસેખુત તવારીખ મુંબઈ પ્રકાશિત ભા. 3)

ખૈબરની લડાઈમાં તો હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) અલમદારની સિફતો પણ ગણાવી દીધી. હિજરી સન ૮ માં અમ્માન (જોર્ડન) પાસેની મુતાની લડાઈમાં જ આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના મોટા ભાઈ જાફર બિન અબુતાલીબને અલમ સોંપ્યો હતો. આપના બંને હાથો કપાઈ ગયા અને

શહીદ થયા. ખુદાએ જાફરને જન્નતમાં હાથોના બદલ પાંખો આપી તેથી આપ જાફરે તૈયાર (જન્નતમાં પાંખોથી ઉડનાર) તરીકે મશહૂર થયા.

હાલમાં દરેક દેશોને પોતાના જુદા જુદા રંગના ઝંડા હોય છે અને આપણા દેશમાં પણ સ્વાતંત્ર દિને કે પ્રજાસત્તાક દિને શાનથી ધ્વજવંદન થાય છે. બની ઉમૈયાઓના ઝંડાનો રંગ લાલ હતો. બગદાદના બની

અબ્બાસીઓનો અલમ કાળો રંગ હતો જયારે મિસરના ફાતેમીઓનો રંગ સફેદ હતો. કરબલામાં અલમ સફેદ યા લીલો હોવાનું મનાય છે.

આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ફરમાવ્યું છે કે, (એહલેબૈત અ.મુ.સ.ના ગમ સિવાય) 'કાળા કપડા ન પહેરો કેમકે તે ફિરઓનનો લિબાસ હતો.' કાળા જુતા ન પહેરો તેને ફિરઓન પહેરતો હતો. પહેલો શખ્સ જેણે

કાળા જુતા પહેર્યા તે ફિરઓન હતો. (નહજુલ અસરાર ભા. ૨ પા. ૪૪)

હાલમાં ઝાલિમ આતંકવાદીઓએ ઝંડાનો રંગ કાળો જ રાખ્યો છે.

આશૂરાની સવારે ઈમામ હુસૈન (અ.સ.)એ યઝીદીઓના લશ્કરને અનેક વાર સમજાવવાની કોશિશમાં સંબોધ્યા. કોઈવાર આપ (અ.સ.)એ કુફી આગેવાનોને નામ સાથે ઢગલાબંધ લખાયેલા કાગળો

બતાવ્યા તો કોઈવાર પોતાની ઓળખાણ કરાવી હુજ્જત પૂરી કરવા કોઈ કસર રાખી નહીં.

એકવાર આપ (અ.સ.)એ પૂછયું ‘બતાવો તમે મારા સાથે શા માટે લડી રહ્યા છો ? મારા લોહીના કેમ તરસ્યા છો ? શું મેં દીન (ધર્મ)માં ફેરફાર કર્યો છે ? કે શરીઅતમાં બદલી કરી છે ? શું કારણ છે કે મને આવી રીતે ઘેરીને

ઉભેલા છો ? મારૂ લોહી વહેવડાવવા ચાહો છો ?’

યઝીદી ફોજને કોઈ જવાબ ન સૂઝયો તો પોતાનો ખરો ઈરાદો જાહેર કરી દીધો.

“તમારા વાલિદની દુશ્મનીના કારણે”

હુસૈન (અ.સ.) અમને તમારા વાલિદથી અદાવત છે અને તે અદાવતનો બદલો લેવા ચાહીએ છીએ.

ઈમામુઝઝમાન (અ.સ.)ની દાવત ખાલી ન જાય. યઝીદી લશ્કરના જનાબે હુર તેમના દિકરા અને ગુલામ સાથે ઈમામ (અ.સ.)ની ખિદમતમાં આવી ગયા. ઈમામે આલીમકામ (અ.સ.)એ તેઓનું સ્વાગત કર્યું.

યઝીદી લશ્કરના સેનાપતિ ઉમર બિન સઅદ આગળ આવીને પહેલુ તીર ઈમામ (અ.સ.) તરફ ફેંકયુ અને ચિલ્લાવા લાગ્યો કે

‘અય લશ્કરીઓ, ઈબ્ને ઝિયાદ પાસે સાક્ષી આપજો કે સૌથી પહેલું તીર મેં છોડયું હતું.'

યુધ્ધની શરૂઆત થતા જ હુર સૌ પહેલા ઈમામ (અ.સ.)ની રજા લઈ મેદાનમાં લડવા નીકળ્યા. અનેકોંને જહન્નમ પહોંચાડી આપ શહીદ થયા.

પછી તો હુસૈની જાંબાઝો જેઓ ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા હતા તે ઈમામ (અ.સ.)ની રજા લઈ

લડવા નીકળવા લાગ્યા દુશ્મનો એમની વીરતા હિંમત અને શહીદ થવાની તૈયારી જોઈ દંગ થઈ ગયા.

ઈમામ હુસૈન (અ.સ.) એક એકની લાશને ઉઠાવીને તંબુ પાસે લાવવા લાગ્યા. એમ એક પછી એક વફાદાર સાથીઓ શહાદતનો જામ પી જન્નતનશીન થવા લાગ્યા.

## ઝોહરની નમાઝ

ઝોહરની નમાઝનો સમય થતાં આપ (અ.સ.)એ દુશ્મનો પાસે નમાઝ પઢી લેવા મોહલત માંગી પણ એ લોકો કયાં મુસલમાન હતા કે નબી (સ.અ.વ.)ના નવાસાને નમાઝની રજા આપે. એ પછી ઈમામ (અ.સ.)એ ઈમામતથી સલાતુલ ખૌફ પડાવી. સઅદ બિન અબ્દુલ્લાહ અને ઝુહેર બિન કૈન ઈમામ (અ.સ.)ની સલામતી માટે

દુશ્મનોના સામે ઊભા રહ્યા. આ લોકો તલવારથી તીરોના ઘા રદ કરવામાં બહુ પ્રવીણ હતા. નમાઝ શરૂ થઈ અને દુશ્મનોએ તીરો વરસાવવા માંડયા, બંને વફાદારો છાતી પર તીરો ઝીલતા રહ્યા. નમાઝ પૂરી થયા પહેલાં જ સઅદ જખ્મી થઈને પછડાઈ પડયા અને શહીદ થયા.

આમ એક પછી એક અસ્હાબોમાંથી શહીદ થવા લાગ્યા

અને હવે એહલેબૈત (અ.મુ.સ.)ના ફકત ૧૮ જણાં બાકી રહ્યા.

ઈમામ હુસૈન (અ.સ.)ના કાકા જનાબે અકીલના ફરઝંદો તે પછી ઈમામ (અ.સ.)ના બનેવી મુસ્લિમ બિન અકીલના ફરઝંદો શહાદતનો જામ પી સઆદત મેળવી. ઈમામ હસન (અ.સ.)ના શહાઝાદાઓ જનાબે અબ્દુલ્લા અને જનાબે કાસિમ શહીદ થયા. જનાબે ઝયનબ

(સ.અ.)ના જીગર ગોસા ઔન અને મોહંમદ ફિદા થઈ ગયા.

જનાબે અબ્બાસ (અ.સ.)એ હવે પોતાના સગા ભાઈઓ જનાબે અબ્દુલ્લાહ (૨૮ વર્ષ), જનાબે ઉસ્માન (૨૫ વર્ષ) અને જનાબે જાફર (૨૧ વર્ષ)ને ઈમામ (અ.સ.)ની રજા અપાવીને પોતાના મૌલા પર ફિદા કર્યા. જનાબે અબ્બાસ (અ.સ.)ના મોટા દિકરા ‘ફઝલ' (જેના નામ પરથી જ

આપની કુનીયત 'અબુલ ફઝલ' થઈ તેને) અને તેનાથી નાના બીજા દિકરા કાસિમ (અમુકના મતે મોહંમદ)ને આપ (અ.સ.)એ મેદાનમાં મોકલ્યા. આ સૌ આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના શહેઝાદાઓએ અનેક યઝીદીઓને જહન્નમમાં મોકલીને છેવટે શહીદ થયા. જનાબે અબ્બાસ (અ.સ.)એ પોતાના ભાઈઓ અને ફરઝંદોને પોતાના મૌલા પર કુરબાન કરીને

સબ્ર કરી જાંનિસારીનો અજબ દાખલો બેસાડયો.

ધીમે ધીમે સૂરજ શરમથી માથું ઝૂકાવીને પશ્ચિમમાં ઢળવા માંડયો હતો. બપોરનો સમય ધીમે ધીમે વિદાય લઈ રહ્યો હતો. જનાબે અબ્બાસ (અ.સ.)એ વારંવાર લડાઈના મેદાનમાં જવાની રજા માંગવા લાગ્યા. ઈમામ (અ.સ.) ફરમાવતા, ભાઈ, તમે તો લશ્કરના સીપેહસાલાર છો, અલમદાર છો.

તમને કેમ રજા આપુ!? જનાબે અબ્બાસ (અ.સ.)એ અરજ કરતા કે ‘મૌલા, હવે લશ્કર જ કયાં છે કે હું સેનાપતિ હોવ. હવે મારામાં સહન કરવાની શક્તિ નથી’

## જનાબે અબ્બાસ (અ.સ.)નું પાણી લેવા જવુ

આમ વાતચીત ચાલતી હતી અને બાળકોનો ‘અલઅતશ અલઅતશ' (તરસ-તરસ)નો અવાજ

તંબુમાંથી સંભળાયો. શહેઝાદી સકીના (સલા.) આવીને જનાબે અબ્બાસ (અ.સ.)ને કહેવા લાગ્યા કે, ‘આપ અમારા માટે પાણી લાવી આપો'

અબ્બાસકી શુજાઅત રહેજાતી થી તડપ તડપ કર
જબ બચ્ચે માંગતે થે પાની બિલક બિલક કર

જનાબે અબ્બાસ (અ.સ.)એ સકીના (સલા.) પાસે મશ્ક મંગાવી, ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે ‘હા,

ભાઈ બાળકો માટે પાણી લઈ આવો'

જનાબે અબ્બાસ (અ.સ.)તો ખુશ થઈ ગયા, અલમ અને મશ્ક લઈ ઘોડા પર સવાર થયા.

## જનાબે ઝયનબ (સ.અ.)નો વિલાપ

જયારે જનાબે ઝયનબ (સલા.)ને ખબર પડી કે, જનાબે અબ્બાસ (અ.સ.) મેદાનમાં જાય છે તો આપ ગભરાઈ ગયા અને બોલી

ઉઠયા કે ‘બાબાજાને સાચું ફરમાવેલું’ ઈમામ હુસૈન (અ.સ.)એ પૂછયું કે, ‘આનો શું મતલબ ?'

જનાબે ઝયનબ (સલા.)એ અર્ઝ કરી કે, મૌલા હું બાબાજાનની ખિદમતમાં હતી, આપ (અ.સ.)એ મારા બંને બાજુઓને (હાથ-ખભા પાસેનો) ચુમીને ફરમાવ્યું કે ‘ઝયનબ, એક દિવસ આ બાજુઓમાં રસ્સી બંધાશે' હું ડરી ગયેલી પછી

મારી આ હાલતનો વિચાર કરતા દિલને દિલાસો આપતી કે જેનો અબ્બાસ (અ.સ.) જેવો ભાઈ સલામત હોય તેના બાજુઓમાં કોણ રસ્સી બાંધી શકે !? પરંતુ ભાઈ, આજે માલૂમ પડે છે કે તે સમય આવી ગયો છે જયારે ઝયનબ (સ.અ.) શામી ફોજની કૈદી બનીને દરબદર ફરશે.

જનાબે અબ્બાસ (અ.સ.) ઈમામ (અ.સ.)થી વિદા થઈને

મેદાનમાં આગળ વધ્યા. આપ (અ.સ.)એ દુઆ કરી કે, ‘અય ઈલાહી! હું તારા નબીના બાળકો માટે થોડું પાણી લેવા આવ્યો છું. ખુદાયા તું એવું કરી દે કે માત્ર એક મશ્ક તંબુમાં પહોંચાડી દઉં.' (અનવારૂશ્શહાદત પા. ૫૪, મજાલીસુલ મુત્તકીન પા. ૪૭)

આ દુઆ કર્યા પછી આપ ફુરાત તરફ ઝડપથી આગળ વધ્યા. દુશ્મનો પણ આપની પાસે આવી

ગયા. આપ (અ.સ.)એ ફરમાવ્યું, ‘અરે! અરે! ઈન્સાનની સુરત રાખવાવાળાઓ તમે કાફિર છો કે મુસલમાન!? તમારા દીનમાં જાએઝ છે કે હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના ફરઝંદ અને તેમના નાના નાના બાળકો પર પાણી બંધ કરો. આ નહેર પર તમારો કબજો છે તેમાંથી જાનવરો પાણી પી રહ્યા છે અને ઈમામ હુસૈન (અ.સ.) અને તેમના બાળકો તરસથી પરેશાન છે.

અરેજ઼ તમે કયામતની તરસને ભૂલી ગયા છો ?’ (અનવારૂશ્શહાદત પા.૫૫)

યઝીદીઓ પર આની કોઈ અસર ન થઈ બલ્કે ૫૦૦ તીરંદાજોએ આપની ઉપર તીરોનો વરસાદ વરસાવ્યો પણ શેરેખુદાના શેર દુશ્મનો પર એવા તૂટી પડયા કે જેમ સિંહ ઘેટાઓના ટોળા પર, દુશ્મનો વેરવિખેર થઈ ગયા.

મારીદ ઈબ્ને સદીક તગ્લબી નામના પહેલવાને આવો બહાદુરીનો રંગ જોયો તો ગુસ્સે થઈને બકવા લાગ્યો કે 'અય લોકો! તમને આ શું થઈ ગયું છે ? એક જુવાન આખા લશ્કરને હંફાવી રહ્યો છે. અરે! તમે લોકો જો એક મુઠ્ઠી માટી તેના પર નાંખો તો દબાઈને મરી જાય પરંતુ અફસોસની વાત છે તમારાથી કંઈ થતુ નથી. આના માટે તો હું એકલો જ બસ છું.'

લઈન શીમરે મારીદનો આ ઘમંડી બકવાસ સાંભળ્યો તો કહેવા લાગ્યો કે ‘ભલે, તો અમે બાજુ પર હટી જઈએ છીએ, તુ જ એકલો હવે લડ'

એમ કહીને લઈને લશ્કરીઓને બાજુ પર હટી જવાનો હુકમ કર્યો. લશ્કરીઓ બેસીને તમાશો જોવા તૈયાર થઈ ગયા.

## મારીદથી મુકાબલો

મારીદ મસ્તીથી ઝુમતા હાથીની માફક લોખંડથી ઢંકાયેલો (બખ્તર પોશ) જનાબે અબ્બાસ (અ.સ.) તરફ આવવા લાગ્યો. પોતાના કદાવર ઝડપી ઘોડા પર સવાર થઈને હાથમાં લાંબો ભાલો લઈને આગળ વધવા લાગ્યો. ગુસ્સાથી મારીદ બકવા લાગ્યો કે 'અય જુવાન! તારી ભલાઈ એમાં છે કે તુ તલવાર ફેંકી દે અને ચાલવા

માંડ, અગાઉના લોકો સુસ્ત અને તારા પર રહેમ કરવાવાળા હતા હું એવો નથી. તારી જવાની પર મને રહેમ આવે છે. હું તને મારવા ચાહતો નથી. ફરીથી કહું છું કે મેદાન છોડીને જતો રહે. પહેલા કોઈ વાર મેં આવો રહેમ કર્યો નથી. તે પછી મારીદે પોતાની આપ વડાઈમાં શેર કહ્યા.

જનાબે અબ્બાસ (અ.સ.)એ જોયું કે મારીદ જે ઘણો મોટો

પહેલવાન છે તે લવારા કરી રહ્યો છે. અને પોતાનાથી ડરાવી રહ્યો છે. આપે જવાબમાં ફરમાવ્યું કે ‘અલ મલઉન! તુ મને તારાથી શું ડરાવે છે! અરે અમે તો ખુદાથી ડરવાવાળા છીએ, કોઈથી ડરતા નથી. હું અલી (અ.સ.)નો ફરઝંદ અને હુસૈન (અ.સ.)નો ગુલામ અને ભાઈ છું' તેમના કદમો પર જાંનીસારીને ખુદાના રસૂલ (સ.અ.વ.) અને ખુદાની ઈતાઅત

સમજુ છું. તે પછી આપ (અ.સ.) એક ફસીહો બલીગ રજઝ (શૌર્ય ગીત) પઢીને પોતાની ઓળખ આપી.

મારીદ ઉશ્કેરાયને આપની તરફ હુમલો કરવાથી જનાબે અબ્બાસ (અ.સ.) જરા પણ ગભરાયા નહી અને આપની જગ્યા પરથી હટયા પણ નહીં, અને તેના લાંબા ભાલાની અણીને પોતાના મજબૂત હાથથી પકડીને એવો

ઝટકો આપ્યો કે ભાલો તેના હાથથી છુટી ગયો. ગભરાઈને ભાલો છુટવાથી ઈબ્ને સદીક઼ પાણી પાણી થઈ ગયો. તેના ઘમંડનુ પાણી ઉતરી ગયું.

જનાબે અબ્બાસ (અ.સ.) તેના ભાલાથી તેના પર હુમલો કરતા ફરમાવ્યું કે 'હું ચાહું છું કે તારા જ ભાલાથી મૌતની મઝા ચખાડું' મારીદ ડરથી કાંપવા લાગ્યો. આપ (અ.સ.)એ પહેલા તેના ઘોડા પર

હુમલો કર્યો. જાડીયો શામી જમીન પર પડી ગયો. મૌતના ડરથી ધ્રુજવા લાગ્યો.

ભારે બદનના લીધે તેના માટે ઘોડા વગર લડવુ મુશ્કિલ હતું. તમાશો જોતાં લશ્કરમાં ખલભલી મચી ગઈ. શીમર પોકારવા લાગ્યો કે 'અરે! હદ થઈ ગઈ મારીદ જેવાનો આ હાલ થયો. તેને એક ઘોડો ઝડપથી આપો કે લડે' સારેફા નામનો મારીદનો હબશી ગુલામ

એક કદાવર તેજ રફતાર ઘોડો લઈને લઈનની તરફ આવવા લાગ્યો. મારીદે જોયુ તો બુમ પાડીને કહ્યું કે જલ્દી તાવીયાને લાવ'

જનાબે અબ્બાસ (અ.સ.)એ પણ જોયુ કે તાવીયાને લઈને હબશી ગુલામ ઝડપથી આવી રહ્યો છે. આપ નામદાર (અ.સ.)એ તે ગુલામ પર હુમલો કરીને જહન્નમ પહોંચાડ્યો અને પોતાનો ઘોડો

છોડીને 'તાવીયા' પર સવાર થઈ ગયા. દુશ્મનોની હરોળોને ચીરતા આપ ઈમામ (અ.સ.)ની ખિદમતમાં હાજર થયા.

હિજરી સન ૪૦ માં ઈમામ હસન (અ.સ.) પાસેથી મદાઈનમાં દુશ્મનોએ જે માલ-અસ્બાબ લુંટેલો તેમાં આ 'તાવીયા' ઘોડો પણ હતો. શીમર લઈન કહેવા લાગ્યો કે અય અબ્બાસ! આજે તમે તાવીયાને પાછો લીધો. આ એજ ઘોડો છે જે

તમારા ભાઈ હસન (અ.સ.) પાસેથી છિનવાય ગયેલો હતો.

જનાબે અબ્બાસ (અ.સ.) તાવીયાને લઈને આકા ઈમામ હુસૈન (અ.સ.) પાસે પધાર્યા તો તાવીયાએ પોતાનુ માથું ઈમામના કદમોમાં નમાવીને હણહણાટ કર્યો. આ બાજુ લઈનો તૈયાર થઈ ગયા અને ઈમામ (અ.સ.) પર હુમલો કરવાની તૈયારી કરી. જનાબે

અબ્બાસ (અ.સ.) પાછા મેદાનમાં પધાર્યા.

ફરીથી આપે મારીદ પર હુમ્લો કર્યો અને તેના હાથ નકામા કરી દીધા. મારીદને હવે યકીન થઈ ગયું કે મૌત સામે છે. કરગરવા લાગ્યો કે ‘અય અબ્બાસ (અ.સ.), મને છોડી દો. આજથી હું તમારો ગુલામ છું.' આપ (અ.સ.)એ ફરમાવ્યું કે, 'તારી ગુલામી શું કામની?' અને આપે તેને

જહન્નમમાં મોકલી દીધો અને ફુરાત પર પહોંચવા લાગ્યા.

**અલીકા ઘર ભી કયા ઘર હૈ**

**કે જિસ ઘરકા હર એક બચ્ચાં**

**જહાં પૈદા હુવા શેરેખુદા માલૂમ હોતા હૈ.**

આ તાવીયાને જનાબે અબ્બાસ અલમદાર (અ.સ.)એ કરબલામાં પાછો લીધો. તેના ઉપર જ જનાબે અલી અકબર સવાર થઈને મેદાનમાં ગયા હતા. તાવીયા જખ્મી થઈને શહીદ થયો હતો.

# જનાબે અબ્બાસ (અ.સ.)નું ફુરાત પર પધારવું

ફુરાત પર ચાર હજાર યઝીદીઓએ ઘેરો મજબૂત કર્યો. જનાબે અબ્બાસ (અ.સ.)એ ફુરાત પર જતા આ રજઝ પડી.

‘હું એક હિદાયત મેળવેલા દિલ સાથે લડી રહ્યો છું અને નબીના નવાસાનો બચાવ કરી રહ્યો છું. તમને ત્યાં સુધી છોડીશ નહીં જયાં સુધી તમે મારા મૌલાથી

લડવાનું છોડશો નહીં. હું અબ્બાસ છું મારા વાલિદ અલીયે મુર્તઝા છે જેને ખુદાએ મદદ કરી છે.'

તીરોના વરસતા વરસાદને ચીરતા, લશ્કરને વેરવિખેર કરી આપ નહેર પર પધારી ગયા. ઘોડાને નહેરમાં દાખલ કર્યો ત્રણ-ત્રણ દિવસની તરસ અને ઠંડુ મીઠુ પાણી આપ (અ.સ.)એ ખોબામાં નમીને પાણી હાથમાં લીધું અને દુશ્મનોને બતાવ્યું કે જુઓ હવે

પાણી અમારા કબ્જામાં છે અને પોતાના જાનને સંબોધીને ફરમાવ્યું,

'અય નફસ (જાન), હુસૈન (અ.સ.) પછી જિંદગી જીવવામાં બદનામી અને ઝિલ્લત જ છે. હુસૈન (અ.સ.) તો મૌતનો જામ પીએ અને તુ ઠંડુ પાણી પીએ. ખુદાની કસમ, ન તો આ દીનની વાત છે અને ન ઈમાનની.'

**યું છીન લિયા દરિયા ગાઝીને સિતમગરસે**
**ઔર આજ ભી ઠોકરમેં અબ્બાસકે પાની હૈ.**

આમ ફરમાવીને આપે પાણી પાછું ફેંકી દીધું. આપના ઘોડાને પાણી પીવા ઈશારો કર્યો પણ વફાદાર ઘોડાએ પણ પાણી ન પીધુ. આપે સુકી મશ્કને પાણીમાં ઝબોળીને પાણી ભર્યુ અને તંબુ તરફ રવાના થયા. દુશ્મનોએ આ જોયું અને સખ્ત હુમલા માટે ભેગા થઈ ગયા.

આપ (અ.સ.) તંબુ તરફ પધારવા લાગ્યા અને દુશ્મનોના

હુમલાનો સામનો કરતા આ મુજબ રજઝ પઢવા લાગ્યા.

‘મૌત માથા પર આવી જાય તો પણ હું મૌતથી ડરતો નથી. ચાહે લડતા લડતા જમીન પર કેમ ન આવી જાવ. મારો જાન નબીના નવાસા (અ.સ.) માટે ઢાલ છે. હું અબ્બાસ છું અને પાણી પહોંચાડવાનું (સકકાઈ) મારૂ કામ છે જે પહોંચાડીશ લડવાથી હું જરા પણ ડરતો નથી.'

દુશ્મનો ચારે બાજુથી હુમલો કરતા રહ્યા. યઝીદીઓ આપને તંબુ (ખૈમા) સુધી પહોંચવાથી રોકતા હતા. તીરોના વરસાદની પરવા કર્યા વગર આપ (અ.સ.) તંબુ તરફ આગળ લડતા લડતા પધારી રહ્યા છે, કોઈની સામે આવીને લડવાની હિંમત નથી. ખજૂરીના ઝાડ પાછળ છુપાયેલા એક મલઉને આપના જમણા ખભા પર તલવાર મારી હાથ કાપી નાખ્યો. આપ (અ.સ.)એ

મશ્ક અને અલમ ડાબે હાથે સંભાળયા. આપ (અ.સ.) ફરમાવવા લાગ્યા.

‘ખુદાની કસમ, તમે મારો જમણો હાથ કાપી નાંખ્યો છે પણ યાદ રાખજો હું હંમેશા મારા દીનની હિફાઝત કરતો રહીશ. નબીના નવાસાની હિમાયતમાં મદદ કરતો રહીશ.'

આપ (અ.સ.) આવી હાલતમાં પણ લડતા લડતા આગળ વધી

રહ્યા હતા. ફરીથી એક મલઉને પાછળથી આપના ડાબા હાથને કાપી નાખ્યો. મશ્કને આપ (અ.સ.)એ દાંતોમાં પકડી લીધી અલમને કપાયેલા ખભાથી છાતી સાથે દબાવ્યો અને આપ (અ.સ.)એ ફરમાવ્યું કે

‘અય જાન, કુફ્ફારોથી ડર નહીં, તારા માટે ખુદાએ જબ્બારની રહેમત સાથે છે નબીએ મુખ્તાર (સ.અ.વ.) અને પાક નફસોની

મહેરબાની પણ છે. તેઓએ દગાથી મારો ડાબો હાથ પણ કાપી નાંખ્યો છે ખુદા એને જહન્નમ વાસીલ કરજો.'

ઈબ્ને સઅદ આ જોઈને ચિલ્લાયો કે અબ્બાસ (અ.સ.)ને રોકવાનો એક હીલો એ છે કે મશ્ક પર તીરો વરસાવો. જયાં સુધી મશ્કમાં પાણી રહેશે ત્યાં સુધી તે આગળ વધતા રહેશે. હુકમ થતાં જ ચારે બાજુથી તીરો છુટયા. એક તીર

આંખમાં લાગ્યું. છાતીમાં લાગ્યું તો પણ આપ (અ.સ.)એ હિંમત રાખી અચાનક એક તીર મશ્ક પર લાગ્યું અને પાણી વહી ગયું જનાબે અબ્બાસ (અ.સ.)નું દિલ તૂટી ગયું. આપ (અ.સ.) ઘોડાને તંબુ તરફ જવાના બદલે નહેર તરફ લીધો. એવામાં એક દુશ્મને આગળ આવીને આપના માથા પર લોખંડનો ગુરઝ (લોખંડનો દંડો) એવો માર્યો કે માથું ફાટી ગયું. આપ

(અ.સ.) ઘોડા પરથી જમીન પર પડી ગયા અને આપ (અ.સ.)એ ફરમાવ્યું, 'અલયકા મિન્ની સલામ યા અબા અબ્દિલ્લાહ', (અય આકા આપ ઉપર મારા સલામ)

## જનાબે અબ્બાસ (અ.સ.)ની શહાદત

જયારે આપ ઘોડા પરથી પડી ગયા ત્યારે આપના શરીર પર એટલા તીર હતા કે જેમ શાહુડીના શરીર પર કાંટા હોય છે. બીજા

શહીદો તો મરણતોલ હાલતમાં ઘોડા પરથી જમીન પર પડતા તો પોતાના બે હાથોથી ટેકો લેતા હતા. જનાબે અબ્બાસ (અ.સ.)ના તો હાથો ન હતા તો તે સમયે આપને કેટલી તકલીફ થઈ હશે એ વિચારતા કંપી જવાય છે.

જનાબે શેખ કાઝિમ સીબ્તી કહે છે કે એક દિવસ મારા પાસે એક આલિમ શખ્સ આવ્યા અને બોલ્યા કે ‘તમારા માટે જનાબે

અબ્બાસ (અ.સ.)નો એક પયગામ લાવ્યો છું. સપનામાં મેં જોયું કે આપ (અ.સ.) તમારાથી નારાજ છે અને ફરમાવે છે કે શેખ કાઝિમ અમારી મુસીબત કેવી રીતે બયાન કરે છે. મેં સપનામાં જ જવાબ આપ્યો કે ‘મેં ઘણી વાર તેમનાથી મુસીબતોનું બયાન સાંભળ્યું છે' “જનાબે અબ્બાસ (અ.સ.)એ ફરમાવ્યું કે તેને કહો કે આ રીતે મુસીબત બયાન કરે કે કોઈ શખ્સ

ઘોડા પરથી જમીન પર પડે તો પોતાના હાથોથી ટેકો લે છે પણ જયારે હું જમીન પર પડયો તો મારા બંને હાથો કપાઈ ગયા હતા તો કેટલી તકલીફ થઈ હશે.”

ઈમામ હુસૈન (અ.સ.)એ ભાઈનો અવાજ સાંભળ્યો કે રડતા-રડતા કમર પકડીને જનાબે અબ્બાસ (અ.સ.) પાસે આવ્યા, રસ્તામાં આપના બન્ને હાથ પડેલા જોયા. આપ (અ.સ.) કમર પકડીને

બેસી ગયા અને ફરમાવ્યું કે ‘આજે મારી કમર તૂટી ગઈ અને બધી આશાઓ નષ્ટ થઈ ગઈ.'

આપ (અ.સ.) હઝરત અબ્બાસ (અ.સ.)નું માથું ખોળામાં લીધું અને ફરમાવવા લાગ્યા કે, 'અય અબ્બાસ ! તે આંખો સુઈ ગઈ જે તારી હેબતથી સુઈ શકતી ન હતી અને તે આંખો જાગી ગઈ જે હવે સુઈ શકશે નહીં.

પછી આપ (અ.સ.) નૌહો પડવા લાગ્યા. ‘અય મારા ભાઈ ! તું મારી આંખોની ઠંડક અને દિલનું ચેન છે, તમારૂ મારી જિંદગીમાં એક મહત્વપૂર્ણ સ્થાન હતુ. અય મારા ભાઈ, તું એ પોતાના ભાઈનો સાથ એવો આપ્યો કે આજે મૌતના જામથી સયરાબ થઈ રહ્યો છે. અય ચમકતા ચાંદ, તું એ દરેક મુસીબતમાં, તંગીમાં મને મદદ કરી છે. ખુદા શાહીદ છે. કે હું તારા પછી

જિંદગીને પસંદ કરતો નથી, જો કે ટૂંક સમયમાં હંમેશ માટે ખુદાની બારગાહમાં ભેગા થશું. બેશક અમારી તકલીફો માટે ખુદાની બારગાહ પર જ ભરોસો રાખવો જોઈએ.' (અસરારૂશ્શહાદત)

પછી આપ (અ.સ.)એ યઝીદી લશ્કરને સંબોધીને ફરમાવ્યું (નૌહાના રૂપમાં)

"અય બદબખ્તો ! તમે લોકો ઝુલ્મ કરવામાં હદથી વધી ગયા

છો. તમે અમારા પર ઝુલ્મ કરીને નબી મોહંમદ (સ.અ.વ.)ના હુકમનો અનાદર કર્યો છે.

શું નબી (સ.અ.વ.)એ અમારા હક માટે તમને વસિયત નહોતી કરી ? શું અમારા નાના ખુદાના રસૂલ અને વહાલા બંદા ન હતા ?

શું ફાતેમા ઝહરા (સલા.) મારી વાલિદા અને અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) જે

પયગંબર (સ.અ.વ.)ના ભાઈ છે મારા વાલિદ ન હતા ?

તમે લોકો તમારા હદ વગરના ઝુલ્મોને લીધે ખુદાની નફરત અને લાનતને લાયક છો. ટૂંક સમયમાં તે જહન્નમની તરફ બોલાવવામાં આવશો જેની સખ્ત આગનો તમને હમણા અંદાજ પણ નથી.” (મકતલ અબી મખ્નફ, પા. ૭૫ મનાકીબ ભા. ૪ પા. ૧૦૮, યનાબીઉલ મવદ્દત પા. ૩૪૦)

હિજરી સન ૮ માં મુતાની લડાઈમાં (હાલના અમ્માન-જોર્ડન પાસે) જનાબે જાફર બિન અબુતાલીબ બંને હાથ કપાવીને શહીદ થયા તે ખબર સાંભળીને આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પણ આ જ કલામ ફરમાવતા હતા. 'મારી કમર તૂટી ગઈ' (અલ આન ઈન્કસર ઝહરી વ કિલ્લત હીલતી)

ઈમામ હુસૈન (અ.સ.)એ જનાબે અબ્બાસ (અ.સ.)ને આખરી

ઈચ્છા પૂછી. જનાબે અબ્બાસ (અ.સ.)એ ફરમાવ્યું કે, ‘મૌલા, દુનિયામાં આવ્યો તો સૌથી પહેલા આપના દીદાર કર્યા હતા હવે દુનિયાથી જાઉ છું તો પણ એ જ ઈચ્છા છે કે છેલ્લે આપના દીદાર કરૂ. પરંતુ એક આંખમાં તીર ખૂંચેલું છે અને બીજી આંખમાં લોહી જામી ગયું છે. અને હાથ નથી અને આપ આકા છો આપને કેમ ઝેહમત આપુ?' ઈમામ (અ.સ.)એ જનાબે

અબ્બાસ (અ.સ.)ની આંખમાંથી લોહી સાફ કર્યુ અને જનાબે અબ્બાસ (અ.સ.)એ આંખ ખોલીને મૌલાના મુબારક ચહેરાના દીદાર કર્યા.

જનાબે અબ્બાસ (અ.સ.)એ ફરમાવ્યું કે, 'મૌલા મારી એક વસિયત છે કે મારી લાશ આપ ખૈમામાં ન લઈ જતા અહીં જ રહેવા દેજો.' ઈમામ હુસૈન (અ.સ.)એ પૂછયું કે, 'બધાને એમ લઈ ગયો છું

તો આપને કેમ નહીં ? જનાબે અબ્બાસ (અ.સ.)એ જવાબ આપ્યો કે, ‘સકીના (સલા.)ને પાણી લાવવાનો વાયદો કરીને નીકળેલો એટલે હું તેનાથી શરમીંદો છું.

**કહા શેહસે ગાઝીને વફાથી મેરે હિસ્સેમેં**
**મગર આકા સકીના કે લિયે હમ બેવફા ઠેહરે**

ઈમામ (અ.સ.) જાણતા હતા કે જનાબે અબ્બાસ (અ.સ.)એ ફકત પોતાને સાંત્વન આપવા જાહેરી કારણ બતાવ્યું. પરંતુ હકીકત એ

હતી કે જનાબે અબ્બાસ (અ.સ.) જાણતા હતા કે ઈમામ (અ.સ.) અત્યાર સુધી લાશો ઉઠાવીને થાકી ગયા હતા. વળી એમની શહાદતે તો ઈમામ (અ.સ.)ની કમર તોડી નાખી હતી. એ ઉપરાંત જનાબે અબ્બાસ (અ.સ.) સૌથી વધુ કદાવર હતા એટલું જ નહીં આપ એટલા બધા ઘાયલ અને જખ્મોથી ચૂર હતા કે જે જગ્યાએથી ઉપાડવા જાય ત્યાંથી ફકત છુટુ ગોસ્ત હાથમાં

આવતું. બંને હાથ કપાયેલા હતા આથી આપની લાશ લઈ જવી લગભગ અશકય હતી. સિવાય કે એક પોટલુ બાંધી લેવામાં આવે. આથી જનાબે અબ્બાસ (અ.સ.)એ ઈમામ હુસૈન (અ.સ.)ને સમજીને આ જવાબદારીથી મુક્ત કર્યા અને એનો પણ અફસોસ કે દુ:ખ ન રહે તે માટે સકીના (સલા.)નો વાયદો પાળવાનુ કારણ બતાવ્યું. અને ઈમામ (અ.સ.)ના ખોળામાં આપની

રૂહ મુબારક જન્નતુલ ફીરદોસ પરવાઝ કરી ગઈ.

**સકકા હુવા શહીદ, સકીનાને જબ સુના**
**પાની કી આસ તૂટ ગઈ, મુંહ ઉતર ગયા**
**ખોલે હૈ બાલ ફાતેમા ઝહરાને ખુલ્દમેં**
**તૂટી કમર હુસૈનકી ગમખ્વાર મર ગયા**

જનાબે અબ્બાસ (અ.સ.)ની શહાદતથી દુનિયા બદલાઈ ગઈ. અત્યાર સુધી હરમે પાકને (સ્ત્રી વર્ગને) એટલો દિલાસો હતો કે જનાબે અબ્બાસ (અ.સ.) જીવતા છે

ત્યાં સુધી દુશ્મનો અમારી ઉપર ફાવી શકતા નથી. જનાબે અબ્બાસ (અ.સ.)ની બહાદુરી અરબોમાં મનાયેલી હતી. જનાબે અબ્બાસ (અ.સ.) લડવા નહીં પરંતુ પાણી લેવા ગયા હતા. છતાંય ૧૨૯૩ ચઝીદી સૈનીકો આપના હાથે જહન્નમ પહોંચ્યા હતા. ઈતિહાસ કારોએ અલગ અલગ આંકડા આપેલા છે (જનાબ જાફરઅલી અસીરની 'સત્યની વેદી' પા. ૧૩૭)

**દરિયાપે શોર હૈ અલમદાર મર ગયા**
**અબ કીસકા ડર હૈ લૂંટ લો બેકસ હુસૈનકો**

જનાબે અબ્બાસ (અ.સ.)ના વાલિદાએ ગિરામી 'ઉમ્મુલ બનીને' કરબલાના બનાવ પછી બાકીની આખી જિંદગી બકીના કબ્રસ્તાનમાં પોતાના એ દિલેર ફરઝંદ જનાબે અબ્બાસ (અ.સ.) અને એમના ત્રણ ભાઈઓ પર રડવામાં જ વિતાવી. એમના નૌહા નોંધાયેલા છે. એમનું રૂદન એટલી હદે પહોંચ્યુ હતું કે

બની હાશિમનો કટ્ટર દુશમન મરવાન બિન હકમ એક વખતે બકીઅ પાસેથી પસાર થયો અને જનાબે ઉમ્મુલ બનીનનું રૂદન સાંભળીને રડી ઉઠયો.

# પ્રકરણ – ૫

# જનાબે અબ્બાસ (અ.સ.)નો મરતબો

સૈયદેના વ મૌલાના અબુલ ફઝલિલ અબ્બાસ અલમદાર હાફેઝુલ કુરઆન હતા. જેમ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ વારંવાર ફરમાવેલું કે 'મને હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) એવી રીતે ઈલ્મ આપેલુ છે જેમ એક કબૂતર પોતાના બચ્ચાંને દાણા મોંમાં

આપીને તેનુ પેટ ભરી દે છે. અને આપ (અ.સ.) હઝરત રસૂલ (સ.અ.વ.)ના 'બાબુલ ઈલ્મ' છે. હદીસે નબવી મશહૂર છે કે ‘અના મદીનતુલ ઈલ્મે વ અલીયુન બાબોહા' (હું ઈલ્મનુ શહેર છું અને અલી અ.સ. તેના દરવાજા છે) હવે શહેરમાં દાખલ થવુ હોય તો દરવાજાથી આવે. જે ઈલ્મ હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.)ને અલ્લાહ તરફથી મળેલુ હતું તે તમામ આકા

અમીરૂલ મોઅમેનીન મૌલા અલી (અ.સ.)ને મળ્યું હતું. એ જ કારણે તો આપ (અ.સ.) ફરમાવતા કે, ‘સલુની કબલ અન તફકેદુની' (હું તમારા દરમિયાનથી ચાલ્યો જાવ તે પહેલા પૂછી લો.)

આમ જનાબે અબ્બાસ (અ.સ.)ને એક નહીં પરંતુ ત્રણ ત્રણ માસૂમીન (અ.મુ.સ.) તરફથી ઈલ્મ મળ્યું હતું. અલ્લામા મામકાનીના લખ્યા મુજબ જનાબે અબ્બાસ

(અ.સ.) ‘ઈલ્મે રિજાલ'ના જાણકાર આલિમ હતા. ઈલ્મે રિજાલ એવું ઈલ્મ છે જેના વડે કોઈ પણ હદીસ રિવાયત વિગેરે કેટલી આધારભૂત છે તે પારખી શકાય છે. એટલું જ નહીં આપ ઈલ્મે ફીકેહ યાને ઈસ્લામી કાનૂન, મસઅલા વિગેરેના જાણકાર હતા.

એમની અઝમત, ફઝીલત સમજવા માટે મહેમૂદા બાદના

મહારાજા અલી મોહંમદ ખાનનો એક શેર ઘણું બધુ કહી જાય છે.

મિસ્લે સીબ્તૈન (હસનૈન) ઈન્હે આલમકી
રિયાસત મિલતી
બન્ને ઝહરાસે જો હોતે તો ઈમામત મિલતી.

બીજા એક શાએરે આ જ કહ્યું છે.

મકામે હઝરતે અબ્બાસ કમ નહીં હૈ 'કમર'
પીલાતી દૂધ જો ઝહરા ઈમામ બન જાતે

ઈમામ હુસૈન (અ.સ.)એ આપને કરબલામાં 'અફઝલુશ્શોહદા' - શ્રેષ્ઠ શહીદ તરીકે બિરદાવેલા છે. ઈમામ હુસૈન (અ.સ.) સૈયદુશ્શોહદા

શહીદોના સરદાર છે. જનાબે અબ્બાસ (અ.સ.)ના ઉચ્ચ મરતબાની એક સાબિતી એ પણ છે કે કરબલામાં ઈમામ અલીઝૈનુલ આબેદીન (અ.સ.) ગૈબથી શહીદોના દફન માટે પધાર્યા તો ઈમામ હુસૈન (અ.સ.) અને જનાબે અબ્બાસ (અ.સ.)ને દફન કરવા માટે આપ ખુદ કબ્રમાં ઉતર્યા હતા.

## જનાબે અબ્બાસ (અ.સ.) ઈમામના ગુલામ

શબ્બીરને તેય મંઝિલે તસ્લીમો રઝા કી
અબ્બાસને હર ખિદમતે શાહે શોહદા કી

આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ અલ્લાહ પાસેથી જે હેતુ માટે જનાબે અબ્બાસ (અ.સ.)ને માંગ્યા હતા કે કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.)ની મદદ કરે આપ (અ.સ.)એ જે ખૂબી અને નિષ્ઠાથી

તે હેતુ પૂરો પાડયો તેનો દાખલો દુનિયાના ઈતિહાસમાં મળશે નહીં.

જનાબે અબ્બાસ (અ.સ.)માં રોબ (પ્રભાવ) અને પ્રતિભા હોવા છતાં આપના અખ્લાક ખૂબ સારા હતા. પોતાના તથા પારકા સાથે પણ ઘણાં અખ્લાકથી પેશ આવતા હતા. આપ (અ.સ.) કોઈ વખતે ઈમામ હુસૈન (અ.સ.)ને ભાઈ કહ્યા નથી. આથી ઈમામ (અ.સ.)એ આપને એક વાર પૂછયું કે શું કારણ

છે કે તમો કોઈ વખતે મને ભાઈ કહીને સંબોધતા નથી ? આપે જવાબમાં ફરમાવ્યું કે, 'આપ અને હું વાલિદના સગપણથી એક નસબના છીએ પરંતુ મારા વાલેદા તો આપના વાલેદા ગિરામી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની ખાદેમા છે એટલે કયાં હું અને કયાં આપની ઝાત મુબારક.'

જેમ આકા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ પોતાને

મોહંમદ (સ.અ.વ.)ના ગુલામોનો ગુલામ તરીકે ઓળખાવતા તે જ રીતે જનાબે અબ્બાસ પોતાને હુસૈન (અ.સ.)ના ગુલામોનો ગુલામ તરીકે પોતાને ઓળખાવતા.

કરબલાના મેદાનમાં જયારે ઈમામ હુસૈન (અ.સ.) યઝીદી ફોજના સેનાપતિ ઉમર બિન સઅદને મળ્યા ત્યારે ઉમર પોતાના દિકરા અને ગુલામને લઈને આવ્યો. ઈમામ હુસૈન (અ.સ.) દિકરા તરીકે

જનાબે અલી અકબર (અ.સ.)ને સાથે લીધા અને જનાબે અબ્બાસ (અ.સ.) આપના ગુલામ તરીકે સાથે ગયા.

## ઈમામ હુસૈન (અ.સ.) પ્રત્યે વફાદારી

કયા પયગંબરકે ચચા તેરી વફાઓકો કહું
જબ તેરા પોતા વફાઓકા ખુદા અબ્બાસ હૈ

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) ફરમાવતા કે ‘અલ્લાહ

અમારા કાકા અબ્બાસ (અ.સ.) પર રહેમત કરે, તેમણે ઘણી કુરબાની આપીને ઝુલ્મ સહન કર્યા. પોતાના છેલ્લા શ્વાસ સુધી તેમના ભાઈ (ઈમામ હુસૈન અ.સ.)ની હિફાઝત કરી, પોતાના બન્ને હાથ ગુમાવ્યા. અલ્લાહ સુબ્હાનહુએ તેમને જન્નતમાં બે પાંખો આપી છે જેનાથી તેઓ ફરિશ્તાઓ સાથે જન્નતમાં ઉડે છે. જેમ જાફર બિન અબુતાલીબને પાંખો આપી છે. તેમજ ફરમાવ્યું કે

જનાબે અબ્બાસ (અ.સ.)ને અલ્લાહ પાસે એવો દરજ્જો પ્રાપ્ત થયો છે કે કયામતના દિવસે અવ્વલીન અને આખેરીનના (સૌ) શહીદો તે જોઈને તઅજ્જુબ કરશે.'

ઈમામ જાફરૂસ્સાદીક (અ.સ.) ફરમાવે છે કે, 'બસીરતમાં સંપૂર્ણ હતા. આપનું ઈમાન સંપૂર્ણ અને કામિલ હતું. તેઓ મારા દાદા (ઈમામ હુસૈન અ.સ.) સાથે રહી

તેમના દુશ્મનોથી લડયા. (નફસુલ મહમૂમ પા. ૩૩૨)

## અબ્દે સાલેહ (નેક બંદા)

જનાબે અબ્બાસ (અ.સ.)ની એક ખાસ ઝિયારતમાં અબુ હમઝા સેમાલીની રિવાયત મુજબ ઈમામ જાફરૂસ્સાદીક (અ.સ.) ફરમાવે છે.

‘સલામ તમારા પર ઓ અલ્લાહના નેક બંદા અને અલ્લાહ, તેના રસૂલ (સ.અ.વ.), અમીરૂલ

મોઅમેનીન (અ.સ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ના ફરમાબરદાર બંદા'

ઈમામ સાદીક (અ.સ.)એ આપના કાકા જનાબે અબ્બાસ (અ.સ.)ને આ ઝિયારતમાં 'અબ્દે સાલેહ' (ખુદાના નેક બંદા) તરીકે બિરદાવેલા છે. કુરઆનમાં 'અબ્દે સાલેહ' (નેક બંદા) તરીકે ઘણાં ઓછા નબીઓને અલ્લાહે સંબોધેલા છે. હઝરત નૂહ (અ.સ.)ને સૂરે ઈસ્રા

આયત નં (3), હઝરત દાવૂદ (અ.સ.)ને સૂરે સ્વાદ આયત નં (૧૭), હઝરત ઝકરીયા (અ.સ.) સૂરે મરિયમ આયત (૨), હઝરત ઈસા (અ.સ.) સૂરે નિસા આયત (૨૦), હઝરત ઐયુબ (અ.સ.) સૂરે સ્વાદ આયત (૪૧), હઝરત મોહંમદ (સ.અ.વ.) સૂરે ઈસ્રા આયત (૧).

આમ જોઈએ તો ફકત છ નબીઓને અલ્લાહ સુબ્હાનહુએ ‘અબ્દે સાલેહ' તરીકે સંબોધેલા છે.

નમાઝમાં પણ 'અસ્સલામો અલય્ના વઅલા ઈબાદીલ્લાહીલસ્સાલેહીન' (બહુવચનમાં તમામ નેક બંદાઓ પર સલામ) પઢાય છે. જનાબે અબ્બાસ (અ.સ.) પણ આમાં ગણાય જાય છે.

ઈમામ જાફરેસાદિક (અ.સ.) હજી ફરમાવે છે કે 'અમારા કાકા અબ્બાસ બિન અલી તેજ, અને દીર્ઘ દ્રષ્ટિવાળા, મજબૂત ઈમાન રાખનાર હતા. તેઓએ ઈમામ સાથે રહીને

પોતાની હિંમત અને બહાદુરી બતાવી ત્યાં સુધી કે આપ શહીદ થયા. (ઉમદતુલ મતાલિબ પા. ૩૨ અબુ નસ્ર બુખારી)

જનાબે અબ્બાસ (અ.સ.)ની બહાદુરી સિફ્ફીનની લડાઈમાં દુનિયાએ જોઈ લીધી હતી અને અરબ જગતમાં આપની શોર્યતાનો ડંકો વાગી ગયો હતો છતાં ઈમામ હુસૈન (અ.સ.)ના વખતમાં આપને તે બતાવવાનો મૌકો મળ્યો નહીં.

આપની વીરતા, શુજાઅતને ઈમામતની ઈતાઅતના બંધનમાં બાંધી દીધી અને ઈમામ (અ.સ.)ની ઈતાઅત (તાબેદારી)નો અજોડ અને અનુપમ દાખલો પૂરો પાડયો. હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની હદીસ મુજબ તો એજ સાચી બહાદુરી છે.

૨૮ મી રજબ હિજરી સન ૬૦ થી બલ્કે એ પહેલાથી જ આપ ઈમામ હુસૈન (અ.સ.) સાથે આપના

પડછાયાની જેમ સાથે રહ્યા. આપને બહાદુરી બતાવવાના ઘણાં મોકા મળ્યા પરંતુ ઈમામ (અ.સ.) દરેક વખતે આપની બહાદુરીને બંધનોની બેડીઓ પહેરાવતા ગયા. અને જનાબે અબ્બાસ (અ.સ.) સર ઝૂકાવીને સ્વીકારતા ગયા. પોતાના મૌલાની ખુશનુદી પર નમતા ગયા. આવા પ્રસંગોની યાદી આ મુજબ છે.

(૧) ઈમામ હસન (અ.સ.)ના જનાઝા પર તીરોની વરસાદ.

(૨) મદીનામાં મરવાને દરબારમાં ઈમામ (અ.સ.)ને બોલાવી યઝીદની બૈઅત કરવા કહ્યું તે પ્રસંગ.

(૩) મક્કામાં હાજીઓના વેશમાં ઈમામના કત્લનું કાવતરૂ.

(૪) કરબલા પહોંચ્યા પછી નહેરના કિનારેથી તંબુઓ ખસેડવાનો પ્રસંગ.

આશૂરાના દિવસે જયારે પણ જનાબે અબ્બાસ (અ.સ.) લડવાની રજા માંગતા તો ઈમામ (અ.સ.)

એમ કહી અટકાવી દેતા કે તમે તો મારા લશ્કરના સરદાર અને અલમદાર છો.

આમ ઈમામ હુસૈન (અ.સ.)એ જનાબે અબ્બાસ (અ.સ.)ને તેમની શુજાઅત અને તલવારના જોહર બતાવવાનો એક પણ અવસર આપ્યો નહીં. હંમેશા આ બહાદુરીને તાબેદારીની બેડીઓમાં બાંધી રાખી અને જનાબે અબ્બાસ (અ.સ.)એ એક પણ હરફ બોલ્યા વગર કે

જરાયે નારાજગી બતાવ્યા વગર એ કબૂલ કર્યુ.

બબ્બે વાર આપને અને આપના ભાઈઓને અમાનનામુ આપીને ઈમામથી દૂર કરવાની કોશિશ થઈ પરંતુ આપ (અ.સ.) પૂરી નિષ્ઠા, વફાદારી અને મજબૂતીથી ઈમામ (અ.સ.)ની સાથે રહ્યા. પોતાના ત્રણ સગા ભાઈઓ અને બે ફરઝંદોને મૌલા પર કુરબાન કરી દીધા. છેવટે ઈમામ

હુસૈન (અ.સ.)એ આપને બાળકો માટે પાણી લાવવાની રજા આપી અને આપ બંને હાથ કપાવીને શહીદ થઈ ગયા.

## જનાબે અબ્બાસ (અ.સ.)ની બહાદુરી

જનાબે અબ્બાસ (અ.સ.) શેરે ખુદાના શેરદિલ શહેઝાદા હતા. આપ તલવારબાજી અને ભાલાબાજીમાં ઘણાં જ મશહૂર હતા. સિફ્ફીનની લડાઈમાં આકા અમીરૂલ

મોઅમેનીન (અ.સ.)એ ૧૨ વર્ષના આપના શહેઝાદાને પોતાનો લિબાસ પહેરાવીને લડાઈમાં મોકલીને દુનિયાને આપની શૌર્યતા બતાવી દીધી. ઈબ્ને સા'શા અને તેના સાત પહેલવાન છોકરાઓને ધૂળ ચાટતા કરી દીધા હતા તો કરબલામાં ત્રણ-ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા આ બહાદુરે મારીદ જેવા શામીને પછાડીને તાવીયા ઘોડો કબજે લીધો અને ૫૦૦ તીરંદાજોને હટાવીને

નહેર પર પહોંચી ગયા. બંને હાથો કપાયા પછી પણ પાણી પહોંચાડવાની કોશિશ કરી આવો દાખલો દુનિયાના ઈતિહાસમાં મળશે નહીં. ઘોડે સવારીમાં એવા અજોડ હતા કે આપને ‘સૈયેદુલ ફોરોસાન' (ઘોડે સવારોના સરદાર) અને ‘રઈસુલ શુજાઆન' (શૌર્યતાના સરદાર) તરીકે બિરદાવવામાં આવ્યા છે. ઈમામ હુસૈન (અ.સ.)એ

તો આપને 'અફઝલુશ્શોહદા' (શ્રેષ્ઠ શહીદ) તરીકે સંબોધેલા છે.

## જનાબે અબ્બાસ (અ.સ.)નું સર મુબારક

કરબલામાં હુસૈની શહીદોના માથાઓ ભાલા પર ઊંચા કરવામાં આવ્યા પરંતુ જનાબે અબ્બાસ (અ.સ.)નું સર મુબારક ભાલા પર ચઢાવી શકયા નહીં તેથી ઘોડાની ગરદનમાં લટકાવ્યું અને કુફામાં

કાફલાને ઈબ્ને ઝિયાદના દરબારમાં લઈ ગયા.

એહલેબૈત (અ.મુ.સ.)ની પાક બીબીઓ બેપર્દા હતી તો ભાલા પરથી તેમની બેપર્દગી જોવાનુ જનાબે અબ્બાસ (અ.સ.)ને પસંદ ન પડયું અને કુફાએ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની ખિલાફતનું પાટનગર હતું જયાં આપના ચાહકો સારી સંખ્યામાં હતા તેથી પણ જનાબે અબ્બાસ (અ.સ.)એ આમ

કર્યું હોય એમ ઈતિહાસકારોનુ માનવુ છે. જયારે કુફાથી શામ (હાલનું સીરીયા) કાફલાને લઈ ગયા તે વખતે દુશ્મનો જનાબે અબ્બાસ (અ.સ.)નું સર ભાલા પર ચઢાવી શકયા. શામમાં તો યઝીદના બાપનું રાજય હતું જે એહલેબૈત (અ.મુ.સ.)ના કૈદીઓ પર ઝુલ્મ કરતા તેથી જ જનાબે અબ્બાસ (અ.સ.)એ સબર કરીને

સર મુબારકને ભાલા પર ચડવાનું પસંદ કર્યું.

## જનાબે અબ્બાસ (અ.સ.)ના મોઅજિઝા

જનાબે અબ્બાસ અલમદાર (અ.સ.) બાબુલ મુરાદ, બાબુલ હવાએજ છે. આપના મોઅજિઝાઓ અનેક છે તેના પુસ્તકો બહાર પડયા છે. આપના પર ઝુલ્મ કરનારા ઝાલિમો દુનિયામાં જ પકડાયા છે.

આપ પર હુમલો કરનારા અબરસ, ઈબ્ને યઝીદ, ઝૈદ બિન વરકા, નોફૈલ બિન અઝરક અને હકીમ બિન તુફૈલ નામના બદબખ્તો હતા. આપના માથા પર બની હારીસના એક શખ્સે ગુરઝ (લોખંડનો દંડો) મારેલો હતો. આ પાપીનો ચહેરો કોલસા જેવો કાળો થઈ ગયો હતો અને હંમેશાના માટે તેની ઊંઘ ઉડી ગઈ હતી. પાંચેય દુશ્મનો ગમે તેટલુ પાણી પીએ તો એ તરસ્યા

અને તરસ્યા જ રહેતા હતા. અહીં સુધી કે તેઓના પેટ પાણીના ભરાવાથી ફાટી ગયા અને દોઝખની ખાઈમાં ઉતરી ગયા.

## જનાબે અબ્બાસ (અ.સ.)ની અઝમત

મહેશરના દિવસે અલ્લાહ સુબ્હાનહુ તમામ નબીઓને તેઓની ઉમ્મત સાથે ભેગી કરશે. અસરાઉશ્શહાદતના લેખક અનેક આધારભૂત હવાલાથી લખે છે કે તે

દિવસે હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) અમીરૂલ મોઅમેનીન મૌલાના અલી (અ.સ.)ને ફાતેમતુઝઝહરા (સલા.) પાસે મોકલીને પૂછાવશે કે ‘આજના દિવસે તમે મોઅમેનીનની શફાઅત (નજાત માટેની ભલામણ) માટે શું લાવ્યા છો ?’

અમીરૂલ મોઅમેનીન (અ.સ.) જનાબે ફાતેમા (સલા.)ને પૂછશે કે

આજના દિવસે શફાઅત માટે શું લાવ્યા છો ?

જનાબે ખાતૂને જન્નત ફાતેમા (સલા.) જવાબમાં ફરમાવશે કે, ‘ઓ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) આજના મહાન દિવસે મારા ફરઝંદ અબ્બાસ (અ.સ.)ના બે કપાએલા હાથ જ બસ છે !

**કયા ઝોર બાઝુઓમેં થા કટનેકે બાદ ભી**
**ઝહરા કો હસ્રમે ઈસી કુવ્વતપે નાઝ થા**

જનાબે અબ્બાસ (અ.સ.)ની અલ્લાહ પાસે કેટલી અઝમત છે તે આનાથી જણાય છે. ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)એ ફરમાવ્યું છે કે જનાબે અબ્બાસ (અ.સ.)ને અલ્લાહ પાસે એવો દરજ્જો મળ્યો છે કે અગાઉના અને પછીના સૌ શહીદો કયામતના દિવસે આપની રશ્ક કરશે.

ખમ્સતુલ અત્હાર (પંજેતન પાક)ના નામ સાથે જ આપનું પણ નામ લેવાય છે.

અય પરવરદિગાર, અમારા તમામ ગુનાહોને ઈમામ હુસૈન (અ.સ.), કરબલાના શહીદો અને ઈમામે આલીમકામના ભાઈ અબ્બાસ (અ.સ.)ની હુરમતથી બક્ષી દે કે જે અબ્બાસ (અ.સ.)ની વફાદારી પાણીથી સંબંધીત છે.

કરબલાના તરસ્યાઓ માટે આપની સક્કાઈ નમૂનેદાર બની છે.